
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૭ * અંક-૮ * એપ્રિલ, ૨૦૨૩



## ૧૩૪મો જન્મ મહોત્સવ

પાવનકારી જન્મજયંતી, આયી મંગલકાર રે (૨)
ગુરુવરસે કરેં પ્રાર્થના, દર્શન દો ગુરુરાજ રે (૨)
મોક્ષપંથમેં રહે સમાગમ, ચાહુ ઇતના આજ રે...

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● સંસારમેં ઐસા કોઈ સુખ ઔર દુઃખ નહિ હૈ જો મૈંને નહીં ભોગા, કિંતુ જૈનાગમરૂપી અમૃતકા પાન મૈંને સ્વપ્નમેં ભી નહીં કિયા, ઈસ અમૃતકે સાગરકી એક બૂંદકો ભી જો ચખ લેતા હૈ વહ પ્રાણી ફિર કભી ભી જન્મરૂપી અગ્નિકા પાત્ર નહિ બનતા. અર્થાત્ જૈનશાસ્ત્રોંકા થોડાસા ભી સ્વાદ જિસે લગ જાતા હૈ વહ ઉનકા આલોકન કરકે ઉસ શાશ્વત સુખકો પ્રાપ્ત કર લેતા હૈ ઔર ફિર ઉસે સંસારમેં ભ્રમણ કરના નહિ પડતા. ૧૯૮૪. (આચાર્ય સોમદેવ, ઉપાસક-અધ્યયન, ગાથા-૬૭૩)

● સ્યાદ્વાદ (શ્રુતજ્ઞાન) ઔર કેવળજ્ઞાન સબ તત્ત્વોંકા પ્રકાશન કરનેવાલે હૈં, ઉનમેં સાક્ષાત્ ઔર અસાક્ષાત્‌કા હી ભેદ હૈ. જો ઈન દોનોંકા વિષય નહિ હૈ વહ અવસ્તુ હૈ. ૧૯૮૬. (શ્રી સમંતભદ્ર આચાર્ય, આપ્તમીમાંસા, શ્લોક-૧૦૫)

● મનમાં ઘણું આશ્ચર્ય થાય છે, કારણ કે પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મનથી, કેવળીની દિવ્યધ્વનિથી તથા વેદ-પુરાણ-શાસ્ત્ર-સૂત્ર ભણવા—વાંચવાથી તો એ સમ્યગ્જ્ઞાનમય સદાકાલ જાગતીજ્યોત જાણવામાં નહિ આવે તો પછી શ્રીગુરુ કેવી રીતે દર્શાવતા હશે ! કેવી રીતે જણાવી દેતા હશે ! શું કહેતા હશે ! અને શિષ્ય પણ કેવી રીતે સમજતો હશે ! અહો-અહો-અહો ! શ્રીગુરુને ધન્ય છે. હાય ! ખેદ છે કે શ્રીગુરુ ન હોત તો હું આ ભ્રમજાળરૂપ સંસારથી ભિન્ન કેવી રીતે થાત ! ૧૯૮૭.

(શ્રી ધર્મદાસ ક્ષુલ્લક, સમ્યગ્જ્ઞાન દીપિકા, પાનું-૧૧૫)

● અધ્યાત્મગ્રંથકા આશય યહ હૈ જો આત્મા અપના એક અભેદ, નિત્ય, શુદ્ધ, અસાધારણ, ચૈતન્યમાત્ર, શુદ્ધદ્રવ્યાર્થિકનયકા વિષયભૂત હૈ. સો તો ઉપાદેય હૈ. બહુરિ અવશેષ, ભેદ, પર્યાય, અનિત્ય, અશુદ્ધ તથા સાધારણ ગુણ તથા અન્યદ્રવ્ય યે સર્વ પર્યાયનયકે વિષય તે સર્વ હેય હૈ. કાહેતે ? જાતૈં યહ આત્મા અનાદિતૈં કર્મબંધપર્યાયમેં મગ્ન હૈ, ક્રમરૂપ જ્ઞાનતૈ પર્યાયનિકૂં હી જાણૈ હૈ, અનાદિ અનંત અપના દ્રવ્યત્વભાવકા યાકૌ અનુભવ નાહીં, તાતૈં પર્યાય-માત્રમેં આપા જાનૈ હૈ, તાતૈ તાકૂં દ્રવ્યદૃષ્ટિ કરાવનેકે અર્થિ પર્યાયદૃષ્ટિકૂં ગૌણ કરિ અસત્યાર્થ કહિકરિ એકાંતપક્ષ છુડાવનેકે અર્થિ જૂઠા કહ્યા હૈ. ૧૯૮૮. (પં. જયચંદજી, સર્વાર્થસિદ્ધિ-વચનિકા(તત્ત્વાર્થસૂત્ર-ટીકા), અધ્યાય-૧ પાનુ-૧૦૪)

● શક્તિસે ત્યાગ વહ કહ દિયા જાતા હૈ જો કિ પ્રીતિસે અપને ધનકા પરિત્યાગ કરતા હૈ. શક્તિસે અધિક દાન કરને પર અપનેકો પીડા ઉપજતી હૈ ઔર અતિ અલ્પ દેનેસે કૃપણતા આતી હૈ. અતઃ વહ દાન અપનેકો પીડા કરનેવાલા નહીં હોના ચાહિયે, સાથ હી સમ્પત્તિકા અત્યાગ કરના ભી નહીં હોના ચાહિયે. યથાયોગ્ય દાન કરના શક્તિતઃ ત્યાગ હૈ. ૧૯૮૯. (શ્રી વિદ્યાનંદિસ્વામી, તત્ત્વાર્થશ્લોકવાર્તિકાલંકાર, ભાગ-૬, પાનું-૫૨૭)

વર્ષ–૧૭
અંક–૮




વિ. સંવત ૨૦૭૯
April
A.D. 2023




અણહેતુક મહાન ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી
કાનજીસ્વામીની ૧૩૪મી જન્મજયંતી પ્રસંગે તેમના

## ઉપદેશ–રત્નાકરમાંથી વીણેલા રત્નો

● ભાઈ ! તું પોતે જ ભગવાન છો, દેહદેવળમાં બિરાજતો પરમાત્મા છો, ભગવાન તે જ હું અને હું તે જ ભગવાન—એવી દૃષ્ટિ થયા વિના કોઈને સમ્યગ્દર્શન ત્રણ કાળ ત્રણ લોકમાં થાય નહિ. ૧.

● દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે છે કે ભાઈ ! તારી મહિમા તને આવે તેમાં અમારી મહિમા આવી જાય છે. તારો તને મહિમા આવતો નથી. તો તને અમારો પણ ખરેખર મહિમા આવ્યો નથી, અમને તે ઓળખ્યા નથી. ૨.

● અનંતા પ્રતિકૂળ દ્રવ્યો આવી પડે તેનાથી આત્મા હલ્યો હલે નહિ, તીવ્રમાં તીવ્ર આકરા અશુભ પરિણામો થાય તેનાથી પણ ધ્રુવ આત્મા હલ્યો હલે નહિ, અને એક સમયની પર્યાયથી પણ આત્મા હલ્યો હલે નહિ. એવા અગાધ સામર્થ્યવાળો ધ્રુવ આત્મા છે, તેને લક્ષમાં લેવાથી ભવભ્રમણ છૂટે એવું છે. ૩.

● અરીસાની વર્તમાન અવસ્થામાં જળ, કોલસા, બરફ, અગ્નિ, સર્પ આદિ જણાય છે, તે અવસ્થા જેટલો જ જે માને છે તે, અવસ્થા બદલાતા તેની પાછળ દળ રહી જાય છે તેને માનતો નથી. તેમ એક સમયની અવસ્થા જેટલો જ આત્માને માનનાર જ્ઞેય બદલાતા જ્ઞાનની અવસ્થા બદલી જાય છે, ત્યાં હું નાશ થઈ ગયો તેમ માને છે, પણ તે જ્ઞાન પર્યાય બદલાવા છતાં જ્ઞાનસ્વભાવદળ તેની પાછળ જેવું ને તેવું પડ્યું જ છે તેને અજ્ઞાની માનતો નથી. ૪.

● ભગવાન તો કહે છે કે જેને ચૈતન્ય આત્માનું ભાન નથી, પૂર્ણાનંદનો નાથ અંદરમાં બિરાજે છે તેની જેને શ્રદ્ધા નથી એ બધા ચાલતાં મડદા છે, અને તેના વ્રત-તપ આદિ બધા મુર્ખાઈ ભરેલા છે, અને જેને પૂણાનંદ ભગવાનની શ્રદ્ધા છે, જ્ઞાન છે, ભાન છે એ સંસારમાં રહ્યાં પણ ચાલતા સિદ્ધ છે. ૫.

● આત્મા સમજવા માટે જેને અંતરમાં ખરેખરી ધગશ અને તાલાવેલી જાગે તેને અંતરમાં સમજણનો માર્ગ થયા વિના રહે જ નહિ. પોતાની ધગશના બળે અંતરમાં માર્ગ કરીને તે આત્મસ્વરૂપને પામે જ. ૬.

● પશુની વિષ્ટાના પોદળા (છાણ) મળતા ગરીબ સ્ત્રીઓ ખુશી ખુશી થઈ જાય છે અને ધન વૈભવ મળતા શેઠીયાઓ ખુશી થઈ જાય છે, પણ વિષ્ટાના પોદળા અને ધનાદિમાં કાંઈ જ ફેર નથી, એકવાર આત્માના નિધાનને દેખે તો બહારના નિધાનોની નિર્મૂલ્યતા ભાસે. ૭.

● જેમ આકાશમાં તારાઓ છે તે પાણીમાં પ્રતિબિંબિત થતાં પાણીને દેખતાં તારા દેખાય છે. પાણીમાં એ તારા નથી પણ પાણીની સ્વચ્છ પર્યાય છે. તેમ કેવળ-જ્ઞાનની પર્યાય પોતાને જાણતાં તે પર્યાયમાં લોકાલોક પ્રતિબિંબપણે જણાય જાય છે. લોકાલોકને જાણવા જવું પડતું નથી પણ પોતાને જાણતાં જ જણાઈ જાય છે. ૮.

● અહા ! સમ્યગ્દર્શન થતાં આત્માના પ્રદેશે પ્રદેશે આનંદનો જન્મ થાય છે. અસંખ્ય પ્રદેશો આનંદથી ઉછળે છે, આનંદનું જન્મધામ નિજ પરમાત્મતત્ત્વ તે જ સમ્યગ્દર્શનનું કારણ છે. ૯.

● વ્રત, તપ, જપથી આત્મપ્રાપ્તિ થશે—તે જેમ શલ્ય છે, તેમ શાસ્ત્ર અભ્યાસથી આત્મા પ્રાપ્ત થશે એવી જેને માન્યતા છે તે પણ શલ્ય છે. આત્મવસ્તુ તરફ દૃષ્ટિ કરતાં જ આત્મપ્રાપ્તિ થાય છે. ૧૦.

● જીવની દયા પાળવાના ભાવને લોકો જૈનના સંસ્કાર માને છે પણ તે જૈનના સાચા સંસ્કાર નથી, જૈનના સાચા સંસ્કાર તો રાગથી ભિન્ન ચૈતન્યને માનવો તે જૈનના સાચા સંસ્કાર કહેવાય. 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ, એ હી વચનસે સમજલે જિન પ્રવચનકા મર્મ.' ૧૧.

● ભાઈ ! તને પ્રાપ્ત કરવા માટે તારી શ્રુતજ્ઞાનની પર્યાય જ બસ છે. બીજું આ કરું

ને તે કરું તે વાત જ નથી. આ તો સહેલીસટ વાત છે. અંતરના પ્રેમ દ્વારા (રુચિ દ્વારા) એ જ્ઞાનને અંતરમાં વાળતાં એ પર્યાયને દ્રવ્યનું આલંબન મળે છે, ને આનંદના શ્રોત વહે છે. ૧૨.

● પર્યાયની સ્વતંત્રતા જેને બેસે નહિ તેને દ્રવ્ય-ગુણ કે જે અવ્યક્ત શક્તિ સ્વભાવ છે તેની સ્વતંત્રતા બેસી શકે જ નહિ, વર્તમાન અંશ સ્વતંત્ર છે એ જેને બેસે તેને જ દ્રવ્યની સ્વતંત્રતા બેસી શકે છે. ૧૩.

● મને બહારનું કાંઈક જોઈએ તેમ માનનાર ભીખારી છે, મને મારો આત્મા જ જોઈએ તેમ માનનાર બાદશાહ છે. આત્મા અચિંત્ય શક્તિનો ધણી છે, જે ક્ષણે જાગે તે જ ક્ષણે જાગતી જ્યોત આનંદસ્વરૂપ અનુભવમાં આવી શકે છે. ૧૪.

● જેને પુણ્યની મીઠાશ હશે તેને આત્માની મીઠાશ નહિ આવે. પુણ્ય એટલે કષાયભાવ કહો કે ઝેર કહો, તે ઝેર આત્માને હણી નાખે છે. પુણ્યભાવ આત્માને હણનારો છે તેથી પુણ્યની મીઠાશવાળાને આત્માની મીઠાશ નહિ આવે. ૧૫.

● આત્મા જ્યાં અંદરથી ઉછળ્યો પછી મન મોળું પડે તોપણ ઉછળવું બંધ ન પડે, ઈન્દ્રિયો શિથિલ થાય તોપણ ઉછળવું બંધ ન પડે, શરીર મોળું પડે તોપણ ઉછળવું બંધ ન પડે. આત્મા જ્યાં મધ્યબિંદુમાંથી ઉછળ્યો પછી તેને રોકવા જગતનો કોઈ પદાર્થ સમર્થ નથી. ૧૬.

● જડ-ઈન્દ્રિયનું લક્ષ છોડે, ભાવ-ઈન્દ્રિયનું લક્ષ છોડે, અને ઈન્દ્રિયના વિષયો જે દેવ-ગુરુ આદિ તેનું લક્ષ છોડે અને ત્રિકાળી સ્વભાવનું લક્ષ કરે ત્યારે તેણે ઈન્દ્રિયને જીતી કહે છે. પર્યાયથી, નિમિત્તથી અને વિષયથી ભિન્ન વર્તે છે તેવા જ્ઞાનને મોક્ષનો માર્ગ કહે છે. ૧૭.

● આ લોક આખો ભગવાન સમૂહથી ભરેલો ગોદામ છે. દરેક જીવ સ્વભાવે ભગવાન છે. દેહ દેવળમાં ભગવાન જિનેન્દ્રદેવ બિરાજે છે. ૧૮.

● પહેલા ચારિત્રદોષ ટાળવાનો પ્રયત્ન કરે છે તે કરતાં પહેલાં દર્શનશુદ્ધિ માટે પ્રયત્ન કર ! દૃષ્ટિમાં વિકલ્પનો ત્યાગ કરતો નથી અને બહારના ત્યાગ કરી બેસે છે તે મિથ્યાત્વના જ પોષણનું કારણ છે. ૧૯.



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## ‘ભેદવિજ્ઞાનં અતીવ ભાવ્યં’

(સમયસાર-કળશ ૧૨૮-૧૩૧ ઉપરના પ્રવચનમાંથી)

ભેદજ્ઞાનનું સ્વરૂપ બતાવીને, અને ભેદજ્ઞાનીની પરિણતિનો અચિંત્ય મહિમા સમજાવીને આચાર્યદેવ પ્રમોદથી કહે છે કે અહો, મોક્ષાર્થીજીવોએ અચ્છિન્નધારાથી આ ભેદવિજ્ઞાન અત્યંત ભાવવા યોગ્ય છે..... સતત નિરંતર અંતરમાં તેનો પ્રયોગ કરવા જેવો છે. ભેદજ્ઞાનના અભ્યાસ વડે જ સિદ્ધપદ પમાય છે.

મારો આત્મા તો શુદ્ધ દર્શનજ્ઞાનસ્વરૂપ છે; એવા આત્માના અવલંબનવડે પુણ્ય-પાપથી જ્યારે આત્મા પાછો વળે છે ત્યારે પરદ્રવ્યના સંસર્ગથી અત્યંત દૂર થયેલો તે આત્મા ચેતયિતાપણે પોતાના શુદ્ધસ્વરૂપને જ ચેતે છે, એટલે શુદ્ધઆત્માને જ તે અનુભવે છે.—આવા શુદ્ધાત્મઅનુભવવડે આત્મા કર્મથી રહિત થાય છે. ભેદજ્ઞાનનો પ્રબળ અભ્યાસ તે જ કર્મથી છૂટકારાનો ઉપાય છે. જેને હજી ભેદજ્ઞાન જ નથી, રાગથી ભિન્ન જ્ઞાનનો અનુભવ જ નથી તે કોનું અવલંબન કરશે ? ભેદજ્ઞાન વગરનો અજ્ઞાની જીવ તો રાગાદિને જાણતાં તે રાગમય થઈને જાણે છે, પણ રાગથી ભિન્ન ચેતયિતાપણે જાણતો નથી. જ્ઞાની તો ભેદજ્ઞાનના બળવડે રાગથી ભિન્નપણું રાખીને—ચેતકપણે જ રહે છે, રાગપણે અંશમાત્ર થતો નથી—એટલે ભેદજ્ઞાનના બળે શુદ્ધાત્માના ઉગ્ર અવલંબન વડે તેને રાગાદિનો નિરોધ થાય છે. આચાર્યદેવ કળશમાં કહે છે કે—

निजमहिमरतानां भेदविज्ञानशक्त्या
भवति नियतमेषां शुद्धतत्त्वोपलंभः ।
अचलितमखिलान्यद्रव्यदूरेस्थितानां
भवति सति च तस्मिन्नक्षयः कर्ममोक्षः ।।१२८।।

અહો, આચાર્યદેવે અલૌકિક અધ્યાત્મરસ વહેવડાવ્યા છે. ભેદજ્ઞાનની શક્તિવડે

જે કર્મફળ ને સર્વ ધર્મ તણી ન કાંક્ષા રાખતો,
ચિન્મૂર્તિ તે કાંક્ષારહિત સમકિતદષ્ટિ જાણવો. ૨૩૦.
પરમાગમ શ્રી સમયસાર

જેઓ નિજસ્વરૂપના મહિમામાં લીન રહે છે તેમને નિયમથી શુદ્ધાત્માની ઉપલબ્ધિ થાય છે. સમ્યગ્દર્શન પણ નિજમહિમામાં લીનતાવડે જ થાય છે; ને પછી મુનિદશા કે કેવળજ્ઞાન પણ નિજમહિમામાં લીનતાવડે થાય છે. પહેલાં નિજસ્વરૂપ શું ને પરભાવ શું–એનો ભેદ લક્ષમાં આવ્યા વગર નિજસ્વરૂપનો ખરો મહિમા આવે નહિ. અને યથાર્થ મહિમા આવ્યા વગર તેમાં એકાગ્રતા થાય નહિ. જ્યાં જડ-ચેતનનું ભેદજ્ઞાન થયું, રાગ અને જ્ઞાનને ભિન્ન જાણ્યા ત્યાં ધર્માત્મા પોતાના ચિદાનંદસ્વરૂપનો પરમ અચિંત્ય મહિમા જાણે છે ને રાગાદિનો મહિમા તેને છૂટી જાય છે; એટલે ભેદજ્ઞાનના બળે તે પોતાના ઉપયોગને નિજસ્વરૂપના મહિમામાં લીન કરે છે ને શુદ્ધઆત્માને અનુભવે છે. શુદ્ધાત્માના અનુભવમાં સમસ્ત અન્ય દ્રવ્યોથી દૂર વર્તતા તેને રાગાદિના અભાવને લીધે કર્મથી અત્યંત છૂટકારો થાય છે. આ રીતે ભેદજ્ઞાન વડે શુદ્ધાત્માના ઉગ્ર અવલંબનવડે સંવર-નિર્જરા ને મોક્ષ થાય છે.

મોક્ષનું મૂળ કારણ ભેદજ્ઞાન છે માટે મોક્ષાર્થીએ તે ભેદજ્ઞાન નિરંતર અતિ દ્રઢપણે ભાવવાયોગ્ય છે; શુદ્ધાત્માને અને રાગને જુદા જાણીને અતિશયપણે-ધારાવાહી અંતરંગ પ્રયત્નથી શુદ્ધાત્માની ભાવના કરવા જેવી છે.

सम्पद्यते संवर एष साक्षात्
शुद्धात्मतत्त्वस्य किलोपलंभात् ।
स भेदविज्ञानत एव तस्मात
तद्भेदविज्ञानमतीव भाव्यम् ।।१२९।।

અહા, આચાર્યદેવે ભેદજ્ઞાનની ભાવનાને કેવી મલાવી છે ! જીવોને પ્રેરણા કરે છે કે હે જીવો ! શુદ્ધાત્માની ઉપલબ્ધિને માટે આ ભેદજ્ઞાનને અતિશયપણે નિરંતર ભાવો. ભેદજ્ઞાનની ભાવના એટલે શુદ્ધઆત્મા અને રાગ એ બંનેને ભિન્ન જાણીને શુદ્ધાત્માની સન્મુખ થવાનો વારંવાર પ્રયત્ન કરવો. શુદ્ધઆત્માના અવલંબને ભેદજ્ઞાનની ભાવના છે. ભેદજ્ઞાનની ભાવનામાં કાંઈ વિકલ્પનું અવલંબન નથી. રાગથી અત્યંત ભિન્ન ચૈતન્યસ્વભાવની ભાવનાવડે કર્મનો સંવર થાય છે. જુઓ, શુભરાગવડે સંવર નથી થતો, શુભરાગની ભાવનામાં તો આસ્રવની ભાવના છે. અંતરમાં ચૈતન્યસ્વભાવ તરફ જ્ઞાનનું પરિણમન થતાં તે જ્ઞાન આસ્રવોથી છૂટી જાય છે.

**સૌ કોઈ ધર્મ વિષે જુગુપ્સાભાવ જે નહિ ધારતો,**
**ચિન્મૂર્તિ નિર્વિચિકિત્સ સમકિતદ્રષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૧.**

પહેલાં ભેદજ્ઞાન કરવું તે જ ધર્મનો એકડો છે. ભેદજ્ઞાન વગર ધર્મની વિદ્યા શરૂ થાય નહિ. ભેદજ્ઞાન થયા પછી પણ જ્ઞાની નિરંતર અચ્છિન્નધારાથી તેની ભાવના કરે છે.

भावयेत्भेदविज्ञानम् इदमच्छिन्नधारया ।
तावत्यावत्परात्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते ।।१३०।।

ભગવાન આચાર્યદેવ કહે છે કે અહો ! આ ભેદવિજ્ઞાન (ચૈતન્ય અને રાગનું ભિન્નત્વ) અચ્છિન્નધારાથી વિચ્છેદ પડ્યા વગર અખંડપણે ત્યાં સુધી ભાવવું કે જ્યાં સુધી પરભાવોથી છૂટું પડીને જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી જાય. ચૈતન્યનો ઉપયોગ ચૈતન્યમાં જ થંભી જાય ત્યાંસુધી ભેદજ્ઞાનનો અભ્યાસ કર્યા જ કરવો.આ ભેદજ્ઞાનના અભ્યાસમાં એકલા વીતરાગી ચૈતન્યભાવનું ઘોલન છે. જ્ઞાનમાં જ્ઞાન જ છે ને જ્ઞાનમાં રાગ જરાપણ નથી. રાગ રાગમાં જ છે. રાગમાં જ્ઞાન જરાપણ નથી—આમ જ્ઞાન અને રાગની અત્યંત ભિન્નતાવડે જ્ઞાનસ્વભાવનું સ્વસંવેદન કરીને પછી પણ ભેદજ્ઞાનવડે અચ્છિન્નપણે તે ભાવ્યા જ કરવું. જુઓ, આ જ્ઞાનીની નિરંતર ભાવના ! વચ્ચે બીજા ભાવની ભાવના ધર્મીને સ્વપ્ને પણ આવતી નથી.

ભેદજ્ઞાનનો મહિમા કરતાં ફરીને આચાર્યદેવ કહે છે કે—

भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन ।
अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन ।।१३१।।

ચૈતન્યચમત્કાર માત્ર વસ્તુ અંતરમાં છે તેમાં રાગનો પ્રવેશ નથી—આવા ભેદજ્ઞાનપૂર્વક ચૈતન્યસ્વભાવમાં સ્વસન્મુખતાવડે જ મુક્તિ સધાય છે. અને આવા ભેદજ્ઞાન વગર રાગમાં એકતાવડે જીવ સંસારમાં રખડે છે. જે કોઈ જીવો સિદ્ધ થયા છે—થાય છે કે થશે તે આવા ભેદજ્ઞાનવડે જ સિદ્ધ થાય છે; અને જે કોઈ જીવો બંધાયા છે તેઓ આ ભેદવિજ્ઞાનના અભાવથી જ બંધાયા છે.

એક તરફ શુદ્ધજ્ઞાનસ્વભાવ, અને બીજી તરફ રાગાદિ પરભાવો; તે બંનેની ભિન્નતા જાણીને જેઓ જ્ઞાનસ્વભાવ તરફ વળ્યા તેઓ મુક્ત થયા છે. અને જ્ઞાન તથા રાગની એકતા માનીને જેઓ રાગમાં રોકાણા તેઓ અજ્ઞાન વડે બંધાય છે. નિગોદનો જીવ સંસારમાં કેમ રખડે છે ? કે ભેદજ્ઞાન નથી કરતો માટે; ભેદજ્ઞાન વગર ભલે બીજું બધું કરે, પણ તેના વડે મોક્ષનું સાધન કિંચિત્ થતું નથી. પરભાવોની ભિન્નતા જાણ્યા વગર પરભાવ છૂટે ક્યાંથી ? જે જીવ ભેદજ્ઞાનરૂપી કરવતવડે જ્ઞાન અને રાગ વચ્ચેની

સંમૂઢ નહિ જે સર્વ ભાવે,—સત્ય દૃષ્ટિ ધારતો,
તે મૂઢદૃષ્ટિરહિત સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૨.

સંધીને છેદી નાંખે છે તે જીવ રાગથી ભિન્ન શુદ્ધાત્માને અનુભવતો થતો મુક્તિને સાધે છે. મોક્ષનું મૂળ ભેદજ્ઞાન છે, ને સંસારનું મૂળ અજ્ઞાન છે. માટે આચાર્યદેવે કહ્યું કે હે જીવો ! જ્ઞાન અને રાગની ભિન્નતા જાણીને નિરંતર ભેદજ્ઞાનને ભાવો.—આમાં ભેદજ્ઞાનના વિકલ્પની કે ગોખવાની વાત નથી પણ અંતરમાં જ્ઞાનસ્વભાવની સન્મુખતા કરીને જ્ઞાનભાવરૂપે જ પરિણમ્યા કરવું—તેનું નામ ભેદજ્ઞાનની ભાવના છે. જ્ઞાનીને ભેદજ્ઞાનની ધારા સતત વર્ત્યા જ કરે છે, ને તે મોક્ષનું કારણ છે.

ભેદજ્ઞાન થતાં જ્ઞાન પોતાના નિજભાવપણે પરિણમ્યું, તે જ્ઞાન પરમસંતોષરૂપ-શાંત-આનંદમય છે, રાગાદિ પરભાવનો ક્લેશ તેમાં નથી. ભેદજ્ઞાનરૂપ કળા પ્રગટ્યા પછી જ્ઞાની શુદ્ધસ્વભાવને જ સ્વપણે ગ્રહે છે, પરભાવના અંશને પણ પોતાના સ્વભાવમાં ગ્રહતા નથી. આવા અત્યંત ભેદજ્ઞાન વડે તેને રાગ-દ્વેષ-મોહ ભાવો છૂટી જાય છે ને કર્મનું બંધન અટકી જાય છે. અને આવી ભેદજ્ઞાનધારાવડે તેને ઉજ્જ્વળ જ્ઞાનપ્રકાશ તથા પરમાત્મપદ પ્રગટે છે આ રીતે ભેદજ્ઞાન વડે પૂર્ણ આનંદરૂપ પરમાત્મપદ સધાય છે.

(ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૧૨ થી ચાલુ) (નિયમસાર પ્રવચન)

હિંસાદિ ભાવો આત્મામાં દેખાય છે, પણ આત્માના ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિથી જોતાં તે કોઈ વિકારી ભાવો આત્મામાં છે જ નહિ. આવી ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિ તે જ સમ્યક્ દૃષ્ટિ છે ને તે જ ધર્મ છે.

જેને આત્માની મુક્તિ કરવી હોય એટલે કે ધર્મ કરવો હોય તેણે આત્માને કેવો જાણવો જોઈએ ? તેની આ વાત છે. આત્માને પૂરા સ્વરૂપે માને તો ધર્મ થાય, પણ અધૂરા કે વિકારી સ્વરૂપે માને તો ધર્મ થાય નહિ. તેથી આચાર્યદેવ કહે છે કે શુદ્ધ આત્મામાં દ્રવ્યકર્મ કે ભાવકર્મ નથી, તેથી તેના ફળરૂપ દેવ-મનુષ્ય-નરક કે તિર્યંચ એવી ચાર ગતિમાં આત્માને ભ્રમણ નથી. અજ્ઞાની માને છે કે 'હું મનુષ્ય છું. હું દેવ છું';—એમ તે આત્માને ચાર ગતિરૂપ માને છે, પરંતુ આત્મા તો અનાદિઅનંત છે ને ચાર ગતિ તો ક્ષણિક છે; મનુષ્યપણાના ૧૦૦ વર્ષ વગેરે આયુ જેટલો આત્મા નથી, દેવગતિ પણ નાશવાન છે, તે આત્માનું સ્વરૂપ નથી. અજ્ઞાન અને પુણ્ય-પાપ તે ભાવકર્મ છે, તેના નિમિત્તે દ્રવ્યકર્મ બંધાય છે, ને જીવ ચાર ગતિમાં રખડે છે, પણ જીવના સ્વભાવમાં તે ભાવકર્મ કે દ્રવ્યકર્મ નથી તેથી સ્વભાવદૃષ્ટિથી જીવને ચાર ગતિમાં ભ્રમણ નથી. (ક્રમશઃ) ❊

**જે સિદ્ધભક્તિસહિત છે, ઉપગૂહક છે સૌ ધર્મનો,**
**ચિન્મૂર્તિ તે ઉપગૂહનકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૩.**




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૧૪, રવિવાર) (ગાથા ૪૨)

આ શુદ્ધભાવ—અધિકાર છે. આત્માના ત્રિકાળ શુદ્ધસ્વભાવનું આમાં વર્ણન છે. આત્માનું ત્રિકાળી શુદ્ધસ્વરૂપ અને તેનાથી વિરુદ્ધ વિકારભાવ એ બંનેનું સ્વરૂપ ઓળખે તો શુદ્ધસ્વરૂપની ભાવના કરીને વિકારનો નાશ કરે. જીવોએ અનાદિથી પોતાના મૂળસ્વરૂપને જાણ્યું નથી અને ક્ષણિક વિકારને જ પોતાનું સ્વરૂપ માનીને તેની ભાવના કરી છે તેથી તેઓ સંસારમાં રખડે છે; આત્માનું મૂળસ્વરૂપ સર્વ વિકારથી રહિત શુદ્ધ છે તેને ઓળખીને તેની ભાવના કરે તો મુક્તિ થાય માટે અહીં આચાર્ય ભગવાન આત્માના શુદ્ધસ્વરૂપનું વર્ણન કરે છે. ૪૧ મી ગાથા પૂરી થઈ છે, હવે ૪૨ મી ગાથા શરૂ થાય છે.

શુદ્ધનિશ્ચયનયથી શુદ્ધ જીવને સમસ્ત સંસાર વિકાર નથી—એમ કહે છે :—

**चउगइभवसंभमणं जाइजरामरणरोगसोगा य।**
**कुलजोणिजीवमग्गणठाणा जीवस्स णो संति।।४२।।**

**चतुर्गतिभवसंभ्रमणं जातिजरामरणरोगशोकाश्च।**
**कुलयोनिजीवमार्गणस्थानानि जीवस्य नो संति।।४२।।**

ચઉગતિભ્રમણ નહિ, જાતિ મરણ ન, રોગ શોક જરા નહીં,
કુળ, યોનિ કે જીવસ્થાન માર્ગણસ્થાન જીવને છે નહીં. ૪૨.

અર્થ :—આ શુદ્ધ જીવતત્ત્વને ચાર ગતિના ભવમાં ભ્રમણ નથી, જન્મ-જરા-મરણ-રોગ કે શોક નથી, તેમ જ કૂળ, યોનિ, જીવસમાસ કે માર્ગણાસ્થાન નથી.

આત્માનો અસલી સ્વભાવ શુદ્ધ વીતરાગસ્વરૂપ, પરથી નિરાળો છે. ત્રિકાળ ન ફરે એવું આત્માનું અસલી સ્વરૂપ વિકાર અને ભવભ્રમણ રહિત છે. અને નરકાદિ ચાર ગતિ તથા તેના કારણરૂપ વિકાર તે નકલી ભાવ છે. આત્માના અસલસ્વરૂપમાં તે નથી. આત્માના અસલી સ્વરૂપને જાણ્યા વિના નકલી સ્વરૂપનો નાશ થાય નહિ. આત્માનું અસલી સ્વરૂપ

**ઉન્માર્ગગમને સ્વાત્મને પણ માર્ગમાં જે સ્થાપતો,**
**ચિન્મૂર્તિ તે સ્થિતિકરણયુત સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૩૪.**

શુદ્ધ પરિપૂર્ણ છે તેને ઓળખીને તેના અનુભવમાં એકાગ્ર થતાં નકલી ભાવોનો નાશ થઈ જાય છે. આત્માનું અસલી સ્વરૂપ કદી નાશ થતું નથી; પર્યાયદૃષ્ટિથી જોતાં વિકાર છે પણ આત્માનું અસલી સ્વરૂપ વિકારી થઈ ગયું નથી, તે તો સદા એકરૂપ—એવું ને એવું છે. જેમ કોઈ ખાનદાન માણસ હોય તે નિર્ધન થઈ જાય તોપણ પોતાની ખાનદાની છોડે નહિ, લગ્નમાં દીકરીના પૈસા લે નહિ, સધન કે નિર્ધન કોઈ અવસ્થામાં તેની ખાનદાનીમાં ફેર પડે નહિ, તેમ આત્માનો અસલી-ખાનદાન સ્વભાવ છે તે સદા એકસરખો છે. સિદ્ધ અને સંસારી બધા જીવોનો સ્વભાવ સરખો છે. સંસારી જીવને પર્યાયમાં ક્ષણિક વિકાર છે. પણ આખો સ્વભાવ તે વિકારરૂપ થઈ ગયો નથી. અજ્ઞાની પોતાના અસલી સ્વરૂપને ભૂલીને વિકારને તથા ચાર ગતિને પોતાનું સ્વરૂપ માને છે. તેથી તે ચાર ગતિમાં ભ્રમણ કરે છે; તે ચાર ગતિ કે વિકાર આત્માનું અસલી સ્વરૂપ નથી પણ બનાવટી છે, ક્ષણિક વિકાર નવો ઉભો કર્યો છે. આત્માના અસલી સ્વભાવને જાણ્યા વિના તે ક્ષણિક નકલી ભાવો ટળે નહિ ને ભવભ્રમણ મટે નહિ. આ ગાથામાં આત્માના અસલી સ્વભાવનું વર્ણન છે.

**ટીકા**

‘આ ગાથામાં શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાથી કથન છે કે આ શુદ્ધ જીવને સમસ્ત સંસારનો વિકાર નથી. આ શુદ્ધ જીવાસ્તિકાય તત્ત્વ દ્રવ્યકર્મ તેમજ ભાવકર્મથી રહિત હોવાથી, નરક-તિર્યંચ-મનુષ્ય ને દેવ એવા લક્ષણવાળી ચાર ગતિમાં તેને પરિભ્રમણ નથી. વળી નિત્ય શુદ્ધચિદાનંદસ્વરૂપ કારણપરમાત્મસ્વરૂપ જીવ છે તેને, દ્રવ્યકર્મ અને ભાવકર્મના ગ્રહણયોગ્ય વિભાવપરિણતિનો અભાવ હોવાથી જન્મ-જરા-મરણ-રોગ કે શોક નથી; તેમ જ ચાર ગતિના જીવસંબંધી કુળ તથા યોનિના પ્રકારો પણ તેને નથી; અને ચૌદ પ્રકારના જીવસ્થાનો કે માર્ગણાસ્થાનો પણ તેને નથી.—એ પ્રમાણે, શુદ્ધ નિશ્ચયનયના બળથી, આ બધુંય તે ભગવાન પરમાત્માને (શુદ્ધ આત્માને) નથી—એમ ભગવાન્ સૂત્રકર્તાનો અભિપ્રાય છે.’

લોકો કહે છે કે વડલાના ઝાડ તો સૂકાય નહિ પણ ‘છાજાનો છોડ’ તો સુકાઈ જાય. કેમ કે તેના મૂળ જમીનમાં ઊંડા ગયા નથી. તેમ આત્માનો જ્ઞાનમૂર્તિ અસલી સ્વભાવ છે તે વડલાના ઝાડ જેવો છે, તે કદી ખસે જ નહિ. સદા ધ્રુવ એકરૂપ છે અને પુણ્ય-પાપના વિકાર તેમ જ ચાર ગતિના ભાવ તો ક્ષણે ક્ષણે નાશ થઈ જાય છે. કેમ કે તે વિકારનાં મૂળ આત્મામાં ઊંડા ઊતર્યા નથી, તે વિકાર આત્માના સ્વભાવની અંદર ગરી ગયો નથી, ને આત્માના

જે મોક્ષમાર્ગે ‘સાધુ’ત્રયનું વત્સલત્વ કરે અહો !
ચિન્મૂર્તિ તે વાત્સલ્યયુત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૫.

સ્વભાવમાંથી તેની ઉત્પત્તિ થઈ નથી, તેથી તે વિકાર તો છાજાના છોડ જેવો છે, તે પહેલી ક્ષણે થાય ને બીજી ક્ષણે નાશ પામે છે. માટે આચાર્યભગવાન કહે છે કે હે ભાઈ, તારો કાયમી રહેનાર સ્વભાવ શું છે તે સમજ; તારા અસલી સ્વભાવને સંભાળ. આ વિકાર તો ક્ષણિક છે, તે ક્ષણિક વિકાર તારા ત્રિકાળી સ્વભાવમાં નથી; છતાં ક્ષણિક વિકારને તું પોતાનું સ્વરૂપ માને છે તેથી ભવભ્રમણ થાય છે. આત્માના સ્વભાવમાં ભવ નથી, ને ભવનું કારણ (-વિકાર) પણ તેમાં નથી;—એવા સ્વભાવને ઓળખ, તો તારું ભવભ્રમણ ટળી જાય.

આત્માની સિદ્ધદશા થાય છે તે બહારથી નથી આવતી, પણ આત્મામાં અનંત ગુણો ભર્યા છે તેમાંથી જ પ્રગટે છે. જેટલા ગુણો સિદ્ધભગવાનના આત્મામાં છે તેટલા જ ગુણો દરેક આત્મામાં સદાય છે, અને જેમ સિદ્ધને વિકાર નથી તેમ કોઈ જીવના સ્વરૂપમાં વિકાર નથી. એક સમયપૂરતી અવસ્થામાં રાગાદિ વિકાર હોય તે અહીં ગૌણ છે. અહીં શુદ્ધ દૃષ્ટિથી (એટલે કે ખરી દૃષ્ટિથી—સ્વભાવદૃષ્ટિથી—નિશ્ચયનયથી) આત્મસ્વરૂપનું વર્ણન છે; આવા શુદ્ધ આત્માને જાણવાથી જ ધર્મ થાય છે. ભગવાન શુદ્ધ આત્મામાં વિકાર છે જ નહિ, અવસ્થામાં એક સમયપૂરતો વિકાર છે તે ઉપર ઉપરનો છે, અંતરના ત્રિકાળ દ્રવ્ય-ગુણ-સ્વરૂપમાં વિકાર નથી. અજ્ઞાની જીવો આત્માના મૂળ શુદ્ધ સ્વરૂપને જાણતા નથી અને ક્ષણિક અવસ્થામાં પુણ્ય-પાપભાવ થાય તેવડો જ આત્મા માની લે છે, પણ તે વિકાર તો ઉત્પન્નધ્વંસી—ક્ષણિક છે, તેવડો આત્મા નથી. આત્મતત્ત્વનો જે કાયમી સ્વભાવ છે તેમાં વિકાર નથી, તે ઉપજતો—વિણસતો નથી; શુદ્ધ જ્ઞાનાદિ ગુણોથી પરિપૂર્ણ સદા એવો ને એવો અંતર્સ્વભાવ છે, તે ચોરાશી લાખયોનિમાં ભવભ્રમણનું કારણ નથી. એની શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા કરે તો ભવભ્રમણ ટળીને મુક્તદશા પ્રગટે છે.

આ શુદ્ધ જીવનું નિર્મળસ્વરૂપ ત્રિકાળ છે, તેમાં ક્ષણનો વિકાર કે મનુષ્ય, દેવ વગેરે ચાર ગતિ નથી; આવા સ્વરૂપની દૃષ્ટિ વિના પર્યાયમાંથી ક્ષણિક વિકારનો કે ભવભ્રમણનો નાશ થઈ શકે નહિ. પર્યાયના વિકાર જેટલો પોતાને માને તો તે વિકારનો નાશ કોના જોરે કરે ? જો આત્માનું આખું સ્વરૂપ જ વિકારી થઈ ગયું હોય તો બીજી ક્ષણે વિકાર ટળીને શુદ્ધતા ક્યાંથી આવશે ? વિકારી પર્યાય વખતેય આત્માનું સ્વરૂપ વિકારી થઈ ગયું નથી પણ શુદ્ધ છે, તેથી તે સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન-રમણતાના જોરે વિકાર ટળીને શુદ્ધતા પ્રગટે છે. પણ જે જીવ પોતાને વિકારી જ માને છે તેને કદી વિકાર ટળતો નથી ને શુદ્ધતા પ્રગટતી નથી. આત્મા જ્ઞાયકસ્વરૂપ અનંતગુણનો પિંડ અરૂપી વસ્તુ છે. ક્ષણિક પર્યાયદૃષ્ટિથી જોતાં પુણ્ય-પાપ-દયા-

(જુઓ અનુસંધાન પેજ નં. ૯ ઉપર)

**ચિન્મૂર્તિ　મન-રથપંથમાં　વિધારથારૂઢ　ઘૂમતો,**
**તે　જિનજ્ઞાનપ્રભાવકર　સમકિતદૃષ્ટિ　જાણવો. ૨૩૬.**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, પરોક્ષજ્ઞાનમાં અનુમાનપ્રમાણ પણ છે, તેનું દૃષ્ટાંતપૂર્વક સ્વરૂપ કહે છે :—

**जं जाणिज्जइ जीवो इंदियवावारकायचिट्ठाहिं ।**
**तं अणुमाणं भण्णदि तं पि णयं बहुविहं जाण ।।२६७।।**

અર્થ :—ઇન્દ્રિયોના વ્યાપાર અને કાયની ચેષ્ટાઓથી શરીરમાં જીવને જે જાણે છે તેને અનુમાનપ્રમાણ કહે છે. તે અનુમાનજ્ઞાન પણ નય છે અને તે અનેક પ્રકારના છે.

ભાવાર્થ :—પહેમાં શ્રુતજ્ઞાનના વિકલ્પોને નય કહ્યા હતા, અહીં અનુમાનનું સ્વરૂપ કહ્યું કે, શરીરમાં રહેલો જીવ પ્રત્યક્ષ ગ્રહણમાં આવતો નથી. તેથી સ્પર્શન, સ્વાદન, વાણી, સૂંઘવું, સાંભળવું, દેખવું વગેરે (ઇન્દ્રિયોના વ્યાપાર) તથા ગમન-આગમનાદિ કાયાની ચેષ્ટાઓથી જાણવામાં આવે છે કે 'શરીરમાં જીવ છે'. આ અનુમાનજ્ઞાન છે, કારણ કે સાધનથી સાધ્યનું જ્ઞાન થાય તેને અનુમાન કહે છે અને તે પણ નય જ છે. તેને પરોક્ષપ્રમાણના ભેદોમાં કહ્યું છે પણ તે પરમાર્થથી નય જ છે. તે સ્વાર્થ-પરમાર્થના ભેદથી તથા હેતુ-ચિહ્નના ભેદથી અનેક પ્રકારનું કહ્યું છે.

ઇન્દ્રિયો અને વાણી તો જડ છે, પણ અંદરથી જ્ઞાનના ભાનપૂર્વક વાણી નીકળી, તેનાથી જીવનું અનુમાન થાય છે. જેમ કોઈ જમતો હોય તો કોળિયો મોઢામાં જાય છે, માથા ઉપર કોળિયો જાતો નથી, આથી અનુમાન લગાવી શકાય કે અંદર જાણનહાર તત્ત્વ છે. આ પ્રમાણે દેહની ક્રિયાથી જીવનું અનુમાન થાય છે. જુઓ, આ અનુમાન સાચું ક્યારે કહેવાય ? કે જ્યારે પ્રમાણજ્ઞાન થયું હોય ત્યારે. પહેલા અતીન્દ્રિય સમ્યગ્જ્ઞાનથી જેણે આત્માને જાણ્યો છે, તેને ફરી આવું અનુમાન થાય છે. પદાર્થને જાણ્યા વગર અનુમાન શેનું ? અનુમાન પરોક્ષજ્ઞાન છે, તે પણ સાચું છે. જેમ કે કોઈના ઘરમાં વીણા વાગતી હોય તો તે વીણાના અવાજથી તે વગાડવાવાળાની કુશળતા આદિનું અનુમાન જાણવાવાળાને થઈ જાય છે; તેમ દિવ્યધ્વનિથી સર્વજ્ઞનું અનુમાન થાય છે અને દેહ-વાણીની ક્રિયાથી જ્ઞાની જીવનું અનુમાન થઈ જાય છે. જેમ, રસોઈના આધારે રસોઈ

**જેવી રીતે કો પુરુષ પોતે તેલનું મર્દન કરી,**
**વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૩૭.**

બનાવવાવાળી બાઈનું અનુમાન થઈ જાય છે; આ જ પ્રમાણે નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી અનુમાન કરી લેવું જ્ઞાનનું સામર્થ્ય છે.

નયોના વિસ્તારનું જ્ઞાન, તે પંડિતાઈ નથી પણ વીતરાગતા છે. અહો ! સંતોએ નયોનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે. જાણે કે જ્ઞાનનો સમુદ્ર જ ઉભરાઈ ગયો હોય ! ભાઈ, ત્યાં સુધી તારી બુદ્ધિ ન પહોંચે તો તું મહિમા લાવીને તેનો વિશ્વાસ કર. તને સમજમાં ન આવે તો નિરુત્સાહી ન થા. અહો ! જૈનદર્શનને કોઈ અન્યમતની સાથે અંશમાત્ર પણ મેળ નથી કારણ કે બંનેમાં પૂર્વ-પશ્ચિમ જેવો આંતરો છે. અજ્ઞાનીને સ્થૂળદૃષ્ટિથી બધું સમાન જણાય પણ અંદરના ઊંડાણમાં ઘણું અંતર છે; માટે વાસ્તવિક વસ્તુસ્વરૂપનું બધા પડખાઓથી નિર્ણય કરવો જોઈએ.

જુઓ ! અહીં કહે છે કે આત્મા, દેહાદિની ક્રિયાને આધારે અનુમાનથી જણાય છે અને પ્રવચનસારમાં ૧૭૨મી ગાથામાં કહે છે કે આત્મા અલિંગગ્રહણ છે, તે અનુમાનનો વિષય નથી. આત્મા, પોતે અનુમાનથી નથી જાણતો અને પોતે અનુમાન દ્વારા જાણવામાં આવતો નથી. ત્યાં એકલો અનુમાનથી નથી જાણતો પણ પ્રત્યક્ષ થયા બાદ અનુમાન થાય છે. પ્રત્યક્ષ સ્વ-સંવેદનના વગર એકલા પરોક્ષ અનુમાનથી આત્માનું જ્ઞાન થતું નથી, માટે પ્રવચનસારમાં એમ કહ્યું છે કે આત્મા અનુમાનનો વિષય નથી અને પ્રત્યક્ષસહિત પરોક્ષજ્ઞાન વડે અનુમાન થઈ શકે છે; તેથી અહીં કહ્યું છે કે દેહાદિકની ક્રિયાથી આત્માનું અનુમાન થાય છે. આ પ્રમાણે પરોક્ષજ્ઞાન, પ્રત્યક્ષની અપેક્ષાસહિત છે; પ્રત્યક્ષના વિના એકાંત પરોક્ષજ્ઞાનથી સાચું અનુમાન થતું નથી.

નિમિત્તથી કાર્ય થાય છે—એમ અજ્ઞાનીને જણાય છે અને તે એમ પણ કહે છે કે અમને પ્રત્યક્ષ દેખાય છે પણ તે હકીકતમાં પ્રત્યક્ષજ્ઞાન નથી અને તેનું પરોક્ષજ્ઞાન પણ સાચું નથી. પ્રત્યક્ષજ્ઞાન તો આત્માનું છે, તે આત્માને સ્વસંવેદનથી પ્રત્યક્ષ કર્યા વગર પરનું જ્ઞાન, પ્રત્યક્ષ અથવા પરોક્ષજ્ઞાન સાચું થતું નથી. જો નિમિત્તથી કાર્ય થતું હોય તો નિમિત્તના અભાવમાં તે કાર્ય ન ટકી શકે. જેમ કે કડિયાથી મકાન થતું હોય તો કડિયો જો ન હોય તો મકાન પણ ન રહેવું જોઈએ પણ મકાન તો કડિયાના અભાવમાં પણ ઉભું હોય છે; માટે કારીગરના કારણે મકાન થતું નથી—એવું સાચું જ્ઞાન ક્યારે થાય છે ? જેનું પ્રત્યક્ષજ્ઞાન છે એવા આત્માને સ્વસંવેદનથી પ્રત્યક્ષ કર્યો હોય ત્યારે જ પરોક્ષ અનુમાન યથાર્થ થાય છે.

**વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને**
**ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૩૮.**

જુઓ, કથનપદ્ધતિના આધારે તે કથન કરવાવાળાના જ્ઞાનનું માપ સમ્યગ્જ્ઞાની કરી લે છે, તે પરોક્ષ અનુમાનજ્ઞાન છે, તે પણ એક પ્રકારનો નય છે.

પહેલાં શ્રુતજ્ઞાનના વિકલ્પને નય કહ્યો હતો. અહીં અનુમાનનું સ્વરૂપ કહ્યું છે. બીજાના શરીરમાં રહેવાવાળો જીવ, છદ્મસ્થને પ્રત્યક્ષ ગ્રહણ થતો નથી, જાણપણું થતું નથી પરંતુ જેને આત્માનું સ્વસંવેદન જ્ઞાન થયું હોય, તે જીવ સ્પર્શ, રસ, વાણી, શ્રવણ, ગમનાગમન આદિના આધારે આત્માને જાણી લે છે—તેનું નામ અનુમાન છે. બધા નય તો પરોક્ષ જ છે અને અનુમાન પણ પરોક્ષ છે, આ બધા શ્રુતજ્ઞાનના પ્રકાર છે. જુઓ, પરોક્ષ હોવા છતાં પણ તે સત્ય છે. સાધનથી સાધ્યનું જ્ઞાન કરવું અનુમાન કહેવાય છે અને તે પણ નય છે. તે પણ પરોક્ષ-પ્રમાણનો ભેદ છે. નય, સ્વાર્થ અને પરાર્થના ભેદથી તથા હેતુ, ચિહ્ન આદિના ભેદોથી અનેક પ્રકારના છે.

વિશેષ-વિશેષ પ્રકારથી વસ્તુનું જ્ઞાન કરવામાં નિર્મળતા અને સ્વાશ્રયભાવ વધતો જાય છે; માટે સામાન્યજ્ઞાનથી વિશેષજ્ઞાન બળવાન છે. સામાન્યસ્વભાવનો આશ્રય અલગ વાત છે. અહીં સામાન્યનો અર્થ સંક્ષિપ્ત જ્ઞાન છે. તે સંક્ષિપ્ત જ્ઞાનથી વિશેષ-વિશેષ પ્રકારનું જ્ઞાન કરવામાં વધારે દ્રઢતા છે પરંતુ સામાન્ય એટલે કે ત્રિકાળીસ્વભાવ અને વિશેષ એટલે કે પર્યાયમાં તો સામાન્યનો જ આશ્રય કરવો છે. સામાન્યદ્રવ્યનો આશ્રય કરવાથી પર્યાયનો આશ્રય બળવાન છે—એમ નથી કહ્યું. જે જીવને જ્ઞાન એટલે કે વિશેષ જાણવામાં કંટાળો આવતો હોય અને એકલા સામાન્યજ્ઞાન એટલે અલ્પ જાણપણામાં જ સંતુષ્ટ થઈ ગયો હોય, તેને કહે છે કે સામાન્યજ્ઞાનની અપેક્ષા વિશેષ-વિશેષ પ્રકારનું જ્ઞાન કરવું બળવાન છે; માટે અહીં નયોના ભેદનું વિવેચન છે. (ક્રમશઃ) ❋

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો માર્ચ-૨૦૨૩ના ઉત્તરો

| | | | |
|---|---|---|---|
| (૧) વિપરીત | (૬) ખોટી | (૧૧) સુખ – વિભાવ અર્થ | (૧૭) દિવ્યધ્વનિ |
| (૨) ખોટું | (૭) વિપરીત | (૧૨) વિભાવ વ્યંજન | (૧૮) જ્ઞાન.... સ્વભાવ અર્થ |
| (૩) વર્ણ-વિભાવ અર્થ | (૮) ખોટી | (૧૩) સિદ્ધ | (૧૯) સરખા |
| (૪) કર્મબંધના | (૯) ૧૫ | (૧૪) દ્રવ્યત્વ | (૨૦) સમાન |
| (૫) યોગ | (૧૦) વિપરીત | (૧૫) ખોટી | |
| | | (૧૬) વિપરીત | |

બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ થાય શું કારણે? ૨૩૯.

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૨૬, ગાથા - ૨૪)

**આત્માની સેવાનું ફળ : મુક્તિ, રાગની સેવાનું ફળ : બંધન**

૨૩મી ગાથા પૂરી થઈ. હવે શિષ્ય પૂછે છે કે 'અધ્યાત્મલીન જ્ઞાનીને શું ફળ મળે છે ? અધ્યાત્મલીન એટલે આત્મામાં લીન થઈ ગયા છે—જામી ગયા એવા યોગીની અપેક્ષાએ સ્વાત્મધ્યાનનું ફળ શું છે ? તે પ્રશ્નનો શ્રી પૂજ્યપાદસ્વામી ગાથારૂપે જવાબ આપે છે.

परीषहाद्यविज्ञानादास्रवस्य निरोधिनी ।
जायतेऽध्यात्मयोगेन कर्मणामाशु निर्जरा ।।२४।।

આત્મધ્યાનના યોગથી, પરીષહો ન વેદાય,
શીઘ્ર સસંવર નિર્જરા, આસ્રવ-રોધન થાય. ૨૪.

ધર્મી જીવ પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માના ધ્યાનમાં જેટલો લીન થયો છે તેટલું તેનું પરિષહો તરફ લક્ષ નથી, તેને પરિષહોનું વેદન થતું નથી. પ્રતિકૂળતા તરફનું લક્ષ ન રહેવાથી તેનો અનુભવ થતો નથી.

ધર્મ પણ રોકડિયો છે અને શુભાશુભભાવનું ફળ પણ રોકડિયું છે. જે સમયે શુભાશુભભાવ થાય છે તે જ સમયે આકુળતા છે તે તેનું ફળ છે. અને આત્માના સ્વરૂપના ધ્યાનરૂપ ધર્મનું ફળ શાંતિનું વેદન તે જ સમયે થાય છે.

ભગવાન આત્મા જ્યાં અંતરસ્વરૂપ ધ્યાનમાં લીન થાય છે ત્યારે શરીરમાં ક્ષુધા-તૃષાનું દુઃખ છે તેના તરફ તેનું ધ્યાન જ નથી તેથી તેનું વેદન પણ નથી. સર્પ કરડે, વીંછી કરડે તોપણ તેનું સ્મરણ તેને થતું નથી. જ્ઞાન જ્યાં સ્વજ્ઞેયમાં જામે છે ત્યાં પરજ્ઞેયનું સ્મરણ ધર્મીને થતું નથી. જ્યાં લીનતા છે ત્યાં જ તેનું જ્ઞાન છે.

આ આત્મા અનંત જ્ઞાન-દર્શન-આનંદના અસ્તિત્વ-સત્તાવાળું તત્ત્વ છે તેને સ્મરણમાં લેતાં બીજું વિસ્મરણ થઈ જાય છે. ત્યારે બહાર શરીરમાં પરિષહ છે કે નહિ ? ક્ષુધા-તૃષા છે કે નહિ ? પ્રતિકૂળતા-ઉપસર્ગ આદિ છે કે નહિ ? તેનો ખ્યાલ એ વખતે ધર્મીને હોતો નથી.

**એમ જાણવું નિશ્ચય થકી—ચીકણાઈ જે તે નર વિષે**
**રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૦.**

અહીં કહેવાનો આશય એ છે કે જ્ઞાનીને પરિષહ આદિનું કષ્ટ જ નથી. બહારથી જોતાં લોકોને એમ લાગે કે બહુ ઉપસર્ગ આદિ કષ્ટ સહન કરે ત્યારે ધર્મ થાય, પણ એમ નથી. જ્ઞાનીનું જ્ઞાન જ્યારે સ્વરૂપમાં એકાકાર થાય છે ત્યારે બહારમાં શું પરિષહ-ઉપસર્ગ આદિ પ્રતિકૂળતા છે તેનું લક્ષ પણ જ્ઞાનીને નથી. માટે જ્ઞાનીને બહુ પરિષહ સહન કરવા પડે છે એવું નથી. મુનિરાજ ધ્યાનમાં એકાકાર હોય છે ત્યારે બહાર શરીરને સિંહ ફાડી ખાતો હોય તેનો મુનિને ખ્યાલ પણ નથી. મુનિ તો પોતાના ધ્યાનમાં મસ્ત છે.

જે ધ્યાતા-ધ્યાન અને ધ્યેયને કરે છે તેને પરિષહાદિનું ધ્યાન જ નથી. તેનું વિજ્ઞાન જ નથી, એટલે કે તેનું તેને ભાન જ નથી, જ્ઞાન જ નથી. તે વખતે લોકોને એમ લાગે કે ઓહો ! આ તો કેટલું કષ્ટ સહન કરે છે પણ લોકોને ક્યાં ખબર છે કે એ કષ્ટ સહન કરતા નથી, પોતાના ધ્યાનમાં લીન છે—આનંદમાં લીન છે. સ્વરૂપ તરફ વલણમાં શરીરમાં રોગ છે કે નહિ ? સિંહ-વાઘ કે શિયાળ શરીરને ખાય છે કે નહિ ? કોઈ દેવ કે મનુષ્ય ઉપસર્ગ કરે છે કે નહિ ? અગ્નિમાં શરીર બળી રહ્યું છે કે નહિ ? તેનું સ્મરણ જ નથી. તે તરફનો વિકલ્પ તો નથી પણ સ્મરણ પણ થતું નથી.

ભગવાન આત્માને જ્ઞેય બનાવી—ધ્યેય બનાવીને જે તેના ધ્યાનમાં લીન થાય છે તેને પરિષહની સ્મૃતિ પણ થતી નથી. આ છે આત્માના ધ્યાનનું ફળ !—કે પરિષહાદિ તરફનો વિકલ્પ તો નથી પણ સ્મરણ પણ નથી, એકલું આનંદનું વેદન છે.

આમ જ્ઞાની જ્યાં શુદ્ધસ્વરૂપમાં લીન થાય છે ત્યાં કર્મોનું આગમન પણ અટકી જાય છે અને જૂના કર્મો છૂટતા જાય છે. તેની નિર્જરા થઈ જાય છે. આ તો વ્યવહારથી કથન છે હો. ખરેખર તો જ્ઞાનીને પરદ્રવ્ય સાથે સંબંધ હતો જ ક્યારે કે છૂટે ? બહુ ઝીણી વાત છે પણ ખ્યાલમાં લેવા જેવી વાત છે.

સંસારના કોઈ કાર્યના ઊંડા વિચારમાં જીવ પડ્યો હોય ત્યારે પાસેથી સર્પ ચાલ્યો જાય તેનું પણ ધ્યાન રહેતું નથી. એક ભાઈ કહેતા હતા કે હું ઓશીકા ઉપર ચોપડો લઈને નામું લખતો હતો ને ઓશીકા નીચેના પોલાણમાંથી સર્પ નીકળ્યો પણ મને ખબર ન પડી. પછી કોઈએ જોયો ને મને કીધું ત્યારે ખબર પડી. અલ્યા ! સંસારના કામના ધ્યાનમાં બહારનું ધ્યાન રહેતું તો આત્માના ધ્યાન વખતે બહારનું ધ્યાન ક્યાંથી રહે ?

(ક્રમશઃ) ❋

ચેષ્ટા વિવિધમાં વર્તતો એ રીત મિથ્યાદષ્ટિ જે,
ઉપયોગમાં રાગાદિ કરતો રજ થકી લેપાય તે. ૨૪૧.



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

## ❃ સ્વાનુભવનો મહિમા ❃

આ અનુભવપ્રકાશનો અધિકાર છે. આત્મા આનંદસ્વભાવી વસ્તુ છે તેની પ્રતીતિ અને જ્ઞાન કરીને તેમાં એકાગ્રતા વડે તેનો અનુભવ થાય છે, તે અનુભવના મહિમાનું આ વર્ણન ચાલે છે. પોતાના ધ્રુવસ્વભાવના અવલંબન સિવાય બીજા કોઈ ઉપાયથી ધર્મ થતો નથી. આત્મા બહારના લોકથી જુદો જ છે. આત્માનો જ્ઞાન-દર્શન-આનંદ વગેરે અનંત ગુણમય સ્વભાવ છે. તે તેનો લોક છે. તેનાથી આ બહારનો લોક જુદો જ છે. એવા આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને તેનો અનુભવ કરવો તે ધર્મ છે. બહારના સંયોગ-વિયોગ તો તેના કાળે તેના કારણે થયા કરે છે. તેના આધારે કાંઈ ધર્મ નથી, અંતરના સ્વભાવની સન્મુખ થઈને તેનો અનુભવ કરવો તે જ ધર્મ અને મોક્ષમાર્ગ છે.

આત્માના અનુભવ વગરનાં બધાં કાર્યો વિઘ્ન સમાન જ છે. ચિદાનંદ સ્વભાવ પોતે નિર્વિઘ્ન છે. તેનો જેને અનુભવ નથી તેને પોતામાં વિઘ્નભાવ છે. ભલે બહારનાં કાર્યો વિઘ્નરહિત પતી જાય તોપણ તે વિઘ્ન જ છે. બહારના કાર્યો તો થવાયોગ્ય થશે, પણ અંતરમાં પોતાના સ્વભાવને અવલોક્યા વિના આત્માનું વિઘ્ન ટળે નહિ. જ્ઞાન-આનંદ સ્વભાવના સંવેદન વગર પરમેશ્વરની કથા પણ જૂઠી છે. પરમેશ્વર તો પોતાનો આત્મા છે. તેના ભાન વિના બહારમાં જેટલા વિકલ્પો ઊઠે તે બધા જૂઠા છે—તે આત્માને ઉપકારી નથી. વળી ચૈતન્યના અંતરવેદન વગર બાર પ્રકારની તપસ્યા તે પણ જૂઠ છે. વળી તીર્થસેવન પણ અંતરના અનુભવ વગર જૂઠું છે. અંતરમાં નિર્મળ ગુણોથી આત્મા વસેલો જ છે. તેના અંતરમાં જ્યારે જુએ ત્યારે પોતાનો સ્વભાવ એવો જ છે. એવા સ્વભાવની અંતર્મુખતા વગર બહારનાં તીર્થમાં જાય તે બધું જૂઠ છે. અરે ભગવાન! તારી વસ્તુમાં અંતર્મુખદશા વગર બહારનાં બધાં કાર્યો જૂઠ છે. તર્ક, પુરાણ ને વ્યાકરણમાં બુદ્ધિ જોડે, પણ જ્ઞાનાનંદ આત્માના અંતર્વેદનમાં બુદ્ધિ ન લગાવે તો તેને તર્ક, પુરાણ ને વ્યાકરણ તે બધું ખેદનું કારણ છે. અંતરસ્વભાવનું વેદન કરવું તે ખેદના નાશનો ઉપાય છે.

**જેવી રીતે વળી તે જ નર તે તેલ સર્વ દૂરે કરી,**
**વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૪૨.**

ભગવાનની મૂર્તિ સામે કે શાસ્ત્રો સામે જોયા કરે, પણ અંતરમાં આત્માની સામે જોયા વિના તે બધો ખેદ છે. જેને ચૈતન્યનો અનુભવ નથી તે જીવો, જેમ ગામમાં ગાયો ને કૂતરા રખડતાં હોય તેના જેવા છે. જે સમયે અંતર્મુખ થઈને આત્માને પકડ્યો તે સમય પોતાનો છે, પછી ભલે વ્રતાદિની શુભવૃત્તિ ઊઠે કે અશુભવૃત્તિ આવે તે બધું ગૌણ છે. જેને ચૈતન્યમાં પ્રવેશ નથી ને બહારમાં ભટકે છે, તે જીવો ગામમાં રખડતાં ઢોર જેવા અને જંગલમાં રખડતાં હરણાદિ પશુ જેવા છે. સાધુ થઈને જંગલમાં વસે, તોપણ તે આત્માના અનુભવ વગર જંગલના હરણ જેવો અજ્ઞાની તપસી છે. શુભ-અશુભવૃત્તિ દુઃખદાયક છે. તેનાં વિનાનો અનાકુળ શાંત આત્મા છે. તેનું જેને ભાન નથી, તે ભલે ૨૮ મૂળગુણ પાળે ને જંગલમાં રહે તો પણ હરણ વગેરે પશુ જેવો છે, અને જેને ચૈતન્યનો અનુભવ છે. તે જીવ ગમે ત્યાં વસે તોપણ અનુભવના પ્રસાદથી પૂજ્ય છે, વળી કહે છે કે પરમેશ્વરનાં જેટલાં વિશેષણો છે તે બધાંય પણ આ અનુભવથી જ સિદ્ધ થાય છે.

અનુભવમાં આનંદ છે. અનુભવમાં જ ધર્મ છે. અનુભવથી જ પરમપદ પમાય છે. અનંતગુણના રસનો સાગર તે અનુભવમાં સમાઈ જાય છે. અનુભવની પર્યાયમાં અનંતા ગુણનો સ્વાદ સમાઈ જાય છે. અનુભવથી જ સિદ્ધપદ થાય છે. અનુપમજ્યોતિ પણ અનુભવથી પમાય છે. અનુભવ સિવાય બહારના કોઈ કારણથી આવું પરમેશ્વરપદ પમાતું નથી. અહો! જેની એક જ્ઞાનપર્યાયમાં લોકાલોક ભાસે—એવા આત્માને શું ઉપમા આપવી? આવા આત્માના અનુભવથી જ કેવળજ્ઞાનરૂપ અમિત તેજ પ્રગટ થાય છે. પરમાત્મદશામાં આવાં બધાં વિશેષણો પ્રગટે છે અને તે પરમાત્મદશા આત્માના અનુભવથી જ પમાય છે. વળી પરમાત્મદશા અખંડ છે. અચલ છે. રાગરહિત અમલપદ પણ તે અનુભવથી જ પમાય છે. સ્વરૂપની વિશ્રાંતિનું ધામ અનુભવથી જ પમાય છે. અતુલ પરમાત્મદશા અનુભવથી પમાય છે અહો! તે અનુભવનો શું મહિમા!! તેની સામે ઈન્દ્રના ઈન્દ્રાસન પણ સડેલાં તરણાં સમાન છે.

અબાધિતદશા અનુભવથી પમાય છે. અરૂપ એવી પરમાત્મદશા પણ તેનાથી જ પમાય છે. અજર દશા એટલે સિદ્ધદશા પણ તેનાથી જ પમાય છે. શરીરમાં તો જરા લાગુ પડે પણ પરમાત્મદશા પ્રગટી તેમાં કદી જરા એટલે વૃદ્ધાવસ્થા લાગુ પડતી નથી. એવી દશા અનુભવથી જ પમાય છે. વળી તે અમર અને અવિનાશી છે. તથા પરમાત્મદશા અલખ છે. ઈન્દ્રિયોથી તે લક્ષગોચર થતી નથી. અચ્છેદ્ય છે, કોઈ શસ્ત્ર વગેરેથી તે છેદાતી નથી અને વજ્ર વગેરે કોઈથી તે ભેદાતી નથી, તેથી અભેદ્ય છે. ચક્રવર્તીની તલવાર વજ્રના

વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને,
ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૪૩.

થાંભલાને કાપી નાખે પણ આત્માને તે અડી શકે નહિ. વળી આત્મા અક્રિય છે એટલે પરની કે રાગની ક્રિયા તેનામાં નથી, પોતાના અનુભવની ક્રિયા છે, વળી અમૂર્તિક છે અને સ્વરૂપનો અનુભવ કરતાં કરતાં આત્મા રાગાદિનો અકર્તા તથા અભોક્તા થઈ જાય છે. વળી પરમાત્મદશા અવિગત છે એટલે કદી વિશેષપણે તેનો નાશ થઈ જતો નથી, તથા આનંદમય અને ચિદાનંદ ઈત્યાદિ અનંત વિશેષણો યુક્ત એવી પરમેશ્વરદશા છે. તે સર્વ અનુભવથી જ સિદ્ધ થાય છે. આત્માના અનુભવથી જ આવા મહિમાવાળું પરમેશ્વરપદ પમાય છે. તેથી અનુભવ તે સાર છે. આત્માનો અનુભવ તે જ ઉત્તમમાં ઉત્તમ વસ્તુ છે.

શાસ્ત્રમાં વ્યવહારનાં વિધાન લખ્યાં હોય, તેનાથી પાર સર્વે વિધાનનો શિરોમણિ આ અનુભવ છે. આ અનુભવમાં ધર્મનાં બધા વિધિ-વિધાન સમાઈ જાય છે. આવો અનુભવ તે મોક્ષનું નિદાન છે, અને સુખનું નિધાન છે. મુનિજનો વગેરે અનુભવી જીવોના ચરણને ઈન્દ્ર વગેરે પણ સેવે છે, તેથી અનુભવ કરો. અનુભવની પ્રશંસા સર્વે ગ્રંથોમાં કરી છે. અનુભવ વગર સાધ્યની સિદ્ધિ થતી નથી, અનંત ચેતનારૂપ અનંતગુણથી શોભિત, અનંત શક્તિધારક એવા આત્મપદનો રસાસ્વાદ તે અનુભવ છે.

સર્વે ગ્રંથોનો સાર આ અવિકાર અનુભવ છે. વારંવાર ગ્રંથોમાં તે જ કહ્યું છે. વીતરાગતા તાત્પર્ય કહો કે અનુભવ કહો. કેમકે આત્માના અનુભવથી જ વીતરાગતા પમાય છે. ચારે અનુયોગના બધા ગ્રંથોનો સાર તથા બધાં વિધાનનો સાર એ છે કે અંતરમાં આત્માનો અનુભવ કરીને આનંદનો સ્વાદ લેવો. અનુભવ તે શાશ્વત ચિંતામણિ છે. જેટલો એકાગ્ર થાય તેટલો આનંદનો સ્વાદ આપે. બહારનો ચિંતામણિ પથ્થર તો પુણ્ય હોય તો મળે ને પુણ્ય ખૂટતાં ચાલ્યો જાય. અનુભવ એટલે સ્વભાવને અનુસરીને થવું, રાગને કે પરને અનુસરીને નહિ પણ પોતાના ધ્રુવસ્વભાવને અનુસરીને અનુભવ કરવો તે શાશ્વત ચિંતામણિ છે. અનુભવ જ અવિનાશી રસનો કૂપ છે. અંતરના અવિનાશી આનંદનો રસ તો અનુભવમાં છે. તેથી અનુભવ તે જ રસનો મોટો કૂવો છે, સાધકદશાની શરૂઆત પણ અનુભવથી જ થાય છે. ને પૂર્ણ મુક્ત દશા પણ અનુભવથી થાય છે, તેથી મોક્ષરૂપ પણ અનુભવ છે. આત્માના પૂર્ણાનંદનો અનુભવ તે જ મોક્ષ છે એ સિવાય બીજો કોઈ મોક્ષ નથી, નવે તત્ત્વોનો સાર અનુભવમાં છે. જગતઉદ્ધારક પણ અનુભવ જ છે. અનુભવથી અન્ય કોઈ ઊંચપદ નથી. માટે કારણપરમાત્મા શક્તિરૂપ ભગવાનનો અનુભવ કરો. (ક્રમશઃ) ❊

બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ નહિ શું કારણે ? ૨૪૪.

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

## દ્વાદશ–અનુપ્રેક્ષા (બારસ અણુવેક્ખા)

### શૌચધર્મનું લક્ષણ

कंखाभावणिवित्तिं किच्चा वेरग्गभावणाजुत्तो।
जो वट्टदि परममुणी तस्स दु धम्मो हवे सोच्चं।।७५।।

જે ઉત્કૃષ્ટ મુનિ કાંક્ષાભાવથી નિવૃત્ત થઈ વૈરાગ્યભાવથી યુક્ત રહે છે, તેને શૌચધર્મ હોય છે. ૭૫.

### સંયમધર્મનું લક્ષણ

वदसमिदिपालणाए दंडच्चाएण इंदियजएण।
परिणममाणस्स पुणो संजमधम्मो हवे णियमा।।७६।।

મન, વચન, કાયની પ્રવૃત્તિરૂપ દંડને ત્યાગીને તથા ઈન્દ્રિયોને જીતી જે વ્રત અને સમિતિઓના પાલનરૂપ પ્રવૃત્તિ કરે છે તેને નિયમથી સંયમધર્મ હોય છે. ૭૬.

### તપધર્મનું લક્ષણ

विसयकसायविणिग्गहभावं काऊण झाणसज्झाए।
जो भावइ अप्पाणं तस्स तवं होदि णियमेण।।७७।।

વિષય અને કષાયના વિશેષ નિગ્રહરૂપ ભાવ કરીને જે ધ્યાન અને સ્વાધ્યાય દ્વારા આત્માની ભાવના કરે છે તેને નિયમથી તપ હોય છે. ૭૭.

### ત્યાગધર્મનું લક્ષણ

णिव्वेगतियं भावइ मोहं चइऊण सव्वदव्वेसु।
जो तस्स हवे चागो इदि भणिदं जिणवरिंदेहिं।।७८

જે સમસ્ત દ્રવ્યોના વિષયોમાં મોહનો ત્યાગ કરી ત્રણ પ્રકારના (—સંસાર, દેહ અને ભોગ પ્રત્યેની સર્વ અભિલાષાઓના ત્યાગરૂપ) નિર્વેદની ભાવના કરે છે તેને ત્યાગ ધર્મ હોય છે, એમ જિનેન્દ્રદેવે કહ્યું છે. ૭૮.

### આકિંચન્યધર્મનું લક્ષણ

होऊण य णिस्संगो णियभावं णिग्गहित्तु सुहदुहदं।
णिद्दंदेण दु वट्टदि अणयारो तस्सऽकिंचण्हं।।७९।।

જે મુનિ નિઃસંગ—નિષ્પરિગ્રહ થઈ સુખ અને દુઃખ દેવાવાળા પોતાના ભાવોનો નિગ્રહ કરતો થકો નિર્દ્વંદ્વ રહે છે અર્થાત્ કોઈ ઈષ્ટ-અનિષ્ટના વિકલ્પમાં પડતો નથી તેને આકિંચન્ય ધર્મ હોય છે. ૭૯.

(ક્રમશઃ) ❊

# અત્યંત મધુર ચૈતન્યરસ

એક મોટો રાજા કોઈ મહાત્માના પગ ધોતાં ધોતાં વિચારતો હતો કે અહા, મારા જેવો રાજા પગ ધુએ—તેથી આ મહાત્મા કેવા ખુશી થતા હશે ? ત્યારે મહાત્મા કહે છે કે અરે રાજા ! આ પગ ધોવાય એમાં તે શો આનંદ હતો ? અમે તો શાસ્ત્રચર્ચાના ગૂઢ રહસ્યો ઉકેલવા મથતા હોઈએ, ને તેના રહસ્યનો ઉકેલ મળી જાય—તે વખતે અમને જે આનંદ થાય તેની પાસે આ પગ ધોવાની શી ગણતરી છે ?

તેમ ધર્માત્મા-મુનિઓ વગેરેની ઈન્દ્રો—રાજાઓ પ્રશંસા કરે, સેવા આપે, માન આપે, ત્યાં બાહ્યદૃષ્ટિ જીવોને લાગે કે આનાથી તેમને કેવો આનંદ થતો હશે ? ત્યારે જ્ઞાની ધર્માત્મા કહે છે કે અરે ભાઈ ! રાગથી જુદા પડીને અમારો ઉપયોગ જ્યારે અંતરમાં જોડાય, તે વખતે નિર્વિકલ્પદશામાં આત્માના આનંદનું અમને વેદન થાય છે તેની પાસે જગત તો તરણા જેવું લાગે છે. એની પાસે આ બહારના માન-પ્રશંસાની શી ગણતરી છે ?

ચૈતન્યના અતીન્દ્રિય રસ પાસે ધર્મીજીવને જગતના કોઈપણ બાહ્ય વિષયો રસવાળા લાગતા નથી, તેમાં ક્યાંય મીઠાશ લાગતી નથી. એક પોતાનો અત્યંત મધુર ચૈતન્યરસ જ તેને પ્રિય લાગે છે.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—જો જ્ઞાન અને આત્મા અભેદ છે, જુદા નથી તો પછી તેમાં ભેદ પાડીને કેમ કહ્યું? જો બંને જુદા ન હોય તો જ્ઞાન લક્ષણ અને આત્મા લક્ષ્ય એવા ભેદ કેમ કર્યા?**

ઉત્તર :—પ્રસિદ્ધત્વ અને પ્રસાધ્યમાનત્વને લીધે લક્ષણ અને લક્ષ્યનો વિભાગ કરવામાં આવ્યો છે, જ્ઞાન પોતે પ્રસિદ્ધ છે અને તે જ્ઞાન વડે આત્માને પ્રસિદ્ધ કરવામાં આવે છે. લોકો જ્ઞાનમાત્રને તો સ્વ-સંવેદનથી જાણે છે. પેટમાં દુઃખે છે, માથું દુઃખે છે એમ કોણે જાણ્યું? જ્ઞાને જાણ્યું. એ રીતે જ્ઞાન તો પ્રસિદ્ધ છે. પણ અજ્ઞાની તે જ્ઞાન વડે એકલા પરની પ્રસિદ્ધિ કરે છે તેથી તે જ્ઞાનને સ્વસન્મુખ કરીને આત્માની પ્રસિદ્ધિ કરવા માટે આત્માનો અને જ્ઞાનનો લક્ષ્ય-લક્ષણ ભેદ પાડીને સમજાવ્યું છે.

**પ્રશ્ન :—આત્મદ્રવ્ય સમસ્ત પર્યાયોમાં વ્યાપક છે એમ કહ્યું, તો શું વિકાર પર્યાયમાં પણ આત્મા વ્યાપક છે?**

ઉત્તર :—હા; વિકારપર્યાયમાં પણ તે સમય પૂરતો આત્મા વ્યાપક છે;—પણ આમ જેણે નક્કી કર્યું તેને પોતાની પર્યાયમાં એકલો વિકારભાવ જ નથી હોતો, પરંતુ સાધકભાવ હોય છે કેમ કે 'વિકાર-ભાવ કર્મને લીધે થતો નથી એટલે કે તેમાં કર્મ વ્યાપક નથી, તે વિકાર પર્યાયમાં પણ આત્મદ્રવ્ય જ વ્યાપક છે.' આમ જેણે નક્કી કર્યું તેને વિકાર વખતે પણ દ્રવ્યની પ્રતીતિ ખસતી નથી, એટલે 'પર્યાયમાં દ્રવ્ય વ્યાપક છે' એમ નક્કી કરનારને એકલા વિકારમાં જ વ્યાપકપણું રહેતું નથી પણ સમ્યકત્વાદિ નિર્મળપર્યાયમાં વ્યાપકપણું હોય છે.

**પ્રશ્ન :—'કેવળજ્ઞાનની શક્તિ' અને 'કેવળજ્ઞાન પ્રગટવાનો ધર્મ'—એ બંનેમાં શું ફેર છે?**

ઉત્તર :—જે જીવમાં કેવળજ્ઞાન પ્રગટવાનું છે તે જીવમાં કેવળજ્ઞાન પ્રગટવાનો ધર્મ સદાય છે. 'કેવળજ્ઞાનની શક્તિ' અને 'કેવળજ્ઞાન પ્રગટવાનો ધર્મ'—એ બંને જુદી ચીજ છે; 'કેવળજ્ઞાનની શક્તિ તો અભવ્યમાં પણ છે, પરંતુ કેવળજ્ઞાન પ્રગટવાનો ધર્મ તેનામાં નથી. અભવ્યમાં કેવળજ્ઞાનની શક્તિરૂપ સ્વભાવ છે, પણ તેને કેવળજ્ઞાનપર્યાય કદી પ્રગટે

**એમ જાણવું નિશ્ચય થકી—ચીકણાઈ જે તે નર વિષે**
**રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૫.**

નહિ—એવો પણ તેનો સ્વભાવ છે.

**પ્રશ્ન :—દેહ–દેવળમાં ભગવાન આત્મા સર્વકાળે પ્રત્યક્ષ છે તો અત્યારે કેમ દેખાતો નથી?**

ઉત્તર :—એ શક્તિ અપેક્ષાએ પ્રત્યક્ષ છે, જેની દૃષ્ટિ એના ઉપર જાય એને પ્રત્યક્ષ છે. ત્રણ કાળે નિર્મળ છે ત્રણે કાળે પ્રત્યક્ષ છે, એના સ્વરૂપમાં દયા-દાન આદિના રાગ નથી જે પ્રત્યક્ષ કરવા માગે છે તેને પ્રત્યક્ષ છે જે વર્તમાન જ્ઞાનનો અંશ છે તેને ત્રિકાળી તરફ વાળતા પ્રત્યક્ષ છે.

**પ્રશ્ન :—જીવને હર્ષ–અહર્ષ આદિના સ્થાનો નથી તો તે કોના છે?**

ઉત્તર :—જીવના મૂળ સ્વભાવમાં વિકાર નથી તેથી વિકારના સ્થાનોને પુદ્ગલ કર્મના કહેવામાં આવે છે.

**પ્રશ્ન :—આત્મામાં અનંત શક્તિઓ છે તેમાંથી કોઈ શક્તિ એવી પણ હશે કે આત્મા પરદ્રવ્યનું કાર્ય પણ કરે? જેમ એક ગાયને ચારવા લઈ જાય તેમ બીજાની પણ બે–પાંચ ગાયને સાથે ચારવા લઈ જાય છે, તેમ આત્મા પોતાનું કાર્ય કરે છે તો સાથે શરીરાદિનું પણ કાર્ય કરે તો શું દોષ છે?**

ઉત્તર :—ભાઈ ! સાંભળ, આત્મામાં અનંત શક્તિઓ છે, તે પોતાનું સંપૂર્ણ કાર્ય કરે છે અને અન્ય દ્રવ્યથી ભિન્નપણે પોતાને ટકાવી રાખે છે, અન્ય દ્રવ્યો આત્માથી બહાર લોટતા હોવાથી અને અન્ય દ્રવ્યમાં આત્માનો વ્યાપ્ય-વ્યાપક ભાવે અભાવ હોવાથી આત્મા જ્ઞાનાવરણીયકર્મ કે શરીરાદિ અન્ય દ્રવ્યનું કાર્ય કરવા અસમર્થ છે.

**પ્રશ્ન :—આત્માના સ્વભાવમાં દુઃખ છે શું?**

ઉત્તર :—નરકના નારકીને સ્વર્ગના સુખની ગંધ નહિ, સ્વર્ગના દેવને નરકના દુઃખની ગંધ નહિ, રાગમાં ધર્મની ગંધ નહિ, પરમાણુમાં પીડાની ગંધ નહિ. સૂર્યમાં અંધકારની ગંધ નહિ અને સુખ સ્વભાવમાં સંસારદુઃખની ગંધ નહિ.

**પ્રશ્ન :—કૃપા કરી જ્ઞાતા–દૃષ્ટાનું વાસ્તવિક સ્વરૂપ બતાવશો?**

ઉત્તર :—ચેતના તે જ આત્માનું લક્ષણ છે. ચેતના દર્શનજ્ઞાનમય છે. પુણ્ય-પાપ આત્માના ચેતન સ્વભાવથી જુદા છે. આત્મા જ્ઞાતા દૃષ્ટા છે. પરની સામે જોયા કરવું એનું નામ જ્ઞાતા-દૃષ્ટાપણું નથી પણ પોતાના જ્ઞાયક દર્શક સ્વભાવને ઓળખીને તેમાં સ્થિર રહેવું તે જ જ્ઞાતા-દૃષ્ટાપણું છે. આપણે જ્ઞાતા-દૃષ્ટા રહીને પરના કામ કરવાં—એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે; કેમ કે આત્મા પરનું કરી શકતો જ નથી. જ્ઞાન-દર્શન લક્ષણ વડે પોતાના સ્વભાવને જાણીને તેમાં ઠરવું તે મોક્ષનો નિકટ ઉપાય છે. ✲



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન :*—ઉપયોગ અંદર વાળવા જઈએ તો વળતો નથી ને ઇન્દ્રિય મન બાજુ ખેંચાઈ જાય છે. તો, બહારની બાજુનો રસ તોડવો અને અંદરનો રસ ઉત્પન્ન કરવો –એમ બે કામ કરવાનાં છે?

**સમાધાન :**—અંતરનો રસ લાગે તેને બહારનો રસ સહેજે છૂટી જાય, તેને બે પ્રયત્ન કરવા પડતા નથી. એક તરફનું ખેંચાણ થાય ત્યાં બીજા તરફનો રસ સહેજે છૂટી જાય છે. જીવને પોતાના આત્મા તરફનો રસ જાગે, ત્યાં વિભાવ તરફનો રસ સહેજે છૂટી જાય છે. પોતા તરફની રમણતા વધે,–ચૈતન્યમાં લીનતા વધે ત્યાં બહારનો રસ સહેજે તૂટી જ જાય છે. જેમ કે સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટે ત્યાં અનંતાનુબંધીનો રસ તૂટી જ જાય છે. અંદરથી સ્વાનુભૂતિ વધે ત્યાં દેશવિરતિપણું સહેજે આવી જાય છે. તેને પછી આટલા વિષય છોડવા કે આ કરવું એમ રોકાવું પડતું નથી. જો બહારમાં ને બહારમાં રોકાય તો તેને રસ તૂટતો નથી. આ કષાય ઓછા કરવા કે આ કરવું એમ નથી, પણ પોતા તરફ વળે ત્યાં સહેજે રસ તૂટી જાય છે. તે શુભભાવનામાં આવે ત્યારે મંદ કષાય થાય, પણ કષાયનો અભાવ તો ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય અને ઉપયોગ પોતા તરફ જાય ત્યાં સહેજે થઈ જાય છે. તેને બે પ્રયત્ન કરવા પડતા નથી. એક પ્રયત્નમાં બીજો સમાઈ જાય છે. જ્યાં બહારથી રસ તૂટે ત્યાં અંતરનો રસ વધી જાય ને અંતરનો રસ વધે ત્યાં બહારથી રસ તૂટી જ જાય. જુદા-જુદા બે પ્રયત્ન કરવા પડતા નથી.

*પ્રશ્ન :*—આત્મ–અનુભવ નહિ થવામાં દૃષ્ટિનો દોષ છે કે જ્ઞાનનો દોષ છે?

**સમાધાન :**—આત્માનો અનુભવ નથી થતો તેમાં દૃષ્ટિ અને જ્ઞાન–બંનેનો દોષ છે. દૃષ્ટિનો મુખ્ય દોષ છે. દૃષ્ટિનું જોર થાય તો જ્ઞાનનું જોર થાય. દૃષ્ટિ સમ્યક થાય તો જ્ઞાન પણ સમ્યક થાય છે. દૃષ્ટિ અને જ્ઞાન બંનેમાં વિપરીતતા છે, પણ દૃષ્ટિ મુખ્ય છે. દૃષ્ટિ ફરે તો જ્ઞાન ફરી જ જાય છે.

યોગો વિવિધમાં વર્તતો એ રીત સમ્યગ્દૃષ્ટિ જે,
રાગાદિ ઉપયોગે ન કરતો રજથી નવ લેપાય તે. ૨૪૬.

પહેલી ભૂમિકામાં સાચું જ્ઞાન, સાચા વિચાર આદિ બધું આવે છે; પણ મોક્ષમાર્ગમાં પહેલી મુખ્ય દૃષ્ટિ છે. દૃષ્ટિની સાથે જ્ઞાન હોય છે. દૃષ્ટિ સમ્યક થાય ત્યાં જ્ઞાન સમ્યક થઈ જાય છે. ગુરુદેવશ્રીએ એટલું સ્પષ્ટ કર્યું છે કે કાંઈ ભૂલ ન થાય. જે કોઈ અટકે તે પોતાની ભૂલથી અટકે છે.

***પ્રશ્ન*** **:—**એક સમયની એક પર્યાયમાં ત્રણકાળની પર્યાયને જાણવાનું સામર્થ્ય કેવી રીતે હોય તે સમજાવવા વિનંતી છે.

**સમાધાન :—**જ્ઞાનની અસાધારણ શક્તિ છે. પૂર્ણ વીતરાગતા જ્યાં પ્રગટ થઈ ત્યાં નિર્મળ કેવળજ્ઞાન પ્રગટ થયું. તે પર્યાય એક સમયની હો, પણ તેની શક્તિ અનંત છે. તે અનંતતામાં શું ન જણાય? તેને ભૂતકાળ—વર્તમાન કે ભવિષ્યકાળની અપેક્ષા રહેતી નથી. વર્તમાન પર્યાયમાં ત્રણે કાળ આવી જાય છે. ત્રણેય કાળ ભિન્ન ભિન્ન નથી જોવા પડતા. ભૂતકાળમાં કે ભવિષ્યકાળમાં જઈને જોવું નથી પડતું, પણ વર્તમાનવત્ બધાને જાણી લે છે. તે પર્યાયમાં મર્યાદિત શક્તિ હોય તો તે પૂર્ણ જ્ઞાન જ નથી. કેવળજ્ઞાનની દરેક પર્યાયમાં જાણવાની પૂર્ણ શક્તિ હોય છે.

***પ્રશ્ન*** **:—**ગુરુદેવને કૌનસા માર્ગ બતલાયા હૈ? સંક્ષેપમેં બતાયેં.

**સમાધાન :—**ગુરુદેવને આત્માકી મુક્તિકા માર્ગ બતાયા હૈ. આત્મદ્રવ્ય હૈ વહ અલૌકિક, અનુપમ હૈ, ઈસમેં જ્ઞાન-દર્શન-સુખ-આનંદ હૈ, જ્ઞાન-દર્શન આદિ સબ ઈસમેંસે આતા હૈ, બાહરસે નહીં આતા. જિસકા જો સ્વભાવ હૈ ઉસમેંસે વહ આતા હૈ. અનંતકાળમેં બાહ્યક્રિયા બહુત કી, મગર ઈસસે પુણ્યબંધ હોતા હૈ. આત્મામેંસે જો દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ હોતા હૈ વહ આત્માકો સુખ, આનંદ દેનેવાલા હૈ. મૂળતત્ત્વમેંસે જો પ્રગટ હોતા હૈ વહ યથાર્થ હોતા હૈ. ગુરુદેવને માર્ગ બતાયા હૈ કિ તૂ ભીતરમેં જા, ભેદજ્ઞાન કર, પહલે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ હોતી હૈ. ઈસસે આગે બઢતે લીનતા બઢતી હૈ, ચારિત્રદશા ભીતરમેં હોતી હૈ ઔર બાહરમેં નગ્ન મુનિદશા હોતી હૈ. તથા પૂર્ણ લીનતા હોનેસે કેવળજ્ઞાન હોતા હૈ. સ્વાનુભૂતિ હોતી હૈ તો ઈસ દુનિયાસે કોઈ અલગ દુનિયામેં ચલા જાતા હૈ. સમ્યગ્દૃષ્ટિકો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હોતી હૈ, ઔર મુનિ તો વારંવાર આત્મામેં લીનતા કરતે હૈં. ઐસા માર્ગ ગુરુદેવને બતાયા હૈ.

**જે માનતો—હું મારું ને પર જીવ મારે મુજને,**<br>**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૪૭.**

## બાળ વિભાગ

# વિચિત્ર હોનહાર

રામ-લક્ષ્મણનો રાજ્યાભિષેક થયા બાદ રામે નાનાભાઈ શત્રુઘ્નને કહ્યું તમને પસંદ હોય તે દેશ લઈ લ્યો, ત્યારે શુત્રઘ્ને મથુરાનું રાજ્ય માગ્યું. તે સમયે મથુરામાં મધુનું રાજ્ય હતું. મધુ જ્યારે ભોગવિલાસમાં નગરની બહાર હતો ત્યારે શત્રુઘ્ને મથુરા પર કબજો કરી લીધો. રાજા મધુનું શત્રુઘ્ન સાથે યુદ્ધ થયું. તેમાં તેના પુત્રનું મૃત્યુ થયું અને પોતાને ત્રિશૂલરત્ન રહિત જાણી હાથી પર બેઠા બેઠા મુનિ થવાની ભાવના ભાવવા લાગ્યા અને સમાધિમરણ કરી સ્વર્ગમાં દેવ થયા. મધુનું મૃત્યુ થવાથી ત્રિશૂલરત્ન ચમરેન્દ્ર પાસે પાછું આવી ગયું. તેથી ચમરેન્દ્રે ક્રોધિત થઈ મથુરાની પ્રજા ઉપર ઉપસર્ગ કરવા લાગ્યા. નગરીમાં મરકી નામનો મહારોગ ફેલાવી દીધો જેથી લોકો મૃત્યુ પામવા લાગ્યા અને શત્રુઘ્ન દેવકૃત ઉપસર્ગ સમજી પરિવાર સહિત અયોધ્યા પાછા આવી ગયા. એક સમયે સાત મહાઋદ્ધિધારી મહામુનિવરોનું મથુરામાં આગમન થતા દેવકૃત ઉપસર્ગ દૂર થયો અને મથુરા ફરીથી સુખરૂપ થઈ ગઈ હવે આગળ..

આહાર ગ્રહણ કરીને સાતેય મુનિવર ભગવાનના ચૈત્યાલયમાં આવ્યા, જ્યાં દ્યુતિભટ્ટારક આચાર્ય વિરાજમાન હતા. સાતેય ઋષિ-મુનિવર ઋદ્ધિના પ્રભાવથી ધરતી ઉપર ચાર આંગળ ઉપર ચાલતા હતા, ચૈત્યાલયના દ્વાર પર આવીને તેમને ધરતી ઉપર પગ મૂક્યા. તે સપ્તર્ષિ ભગવંતને જોતા જ દ્યુતિભટ્ટારક આચાર્ય ઊભા થયા અને અત્યંત આદરપૂર્વક તેમને નમસ્કાર કર્યા. અન્ય શિષ્યોએ પણ નમસ્કાર કર્યા. સપ્તર્ષિ ભગવંતોએ તેમની સાથે ધર્મચર્ચા કરી અને પછી ચૈત્યાલયમાં જિનવંદના કરીને મથુરા નગરીમાં પાછા આવ્યા.

સપ્તર્ષિ મુનિવરોના ગયા પછી થોડા સમય વીત્યા બાદ શેઠ ચૈત્યાલયમાં આવ્યા, ત્યારે દ્યુતિભટ્ટારક આચાર્યે કહ્યું કે –"સાત મહર્ષિ મહાયોગીશ્વર ચારણ મુનિ અહીં પધાર્યા હતા. તમે પણ તેમના દર્શન અવશ્ય કર્યા હશે. તે મુનિવર મહાતપના ધારક છે અને મથુરાનગરીમાં ચાતુર્માસ કરી રહ્યા હતા. ચારણઋદ્ધિથી આકાશગમન કરીને આહાર માટે ગમે ત્યાં ચાલ્યા જાય છે. આજ તેમણે અયોધ્યાપુરીમાં આહાર લીધો અને પછી ચૈત્યાલયની વંદના માટે અહીં પધાર્યા. અમારી સાથે ધર્મચર્ચા પણ કરી અને ફરી મથુરાનગરી ચાલ્યા ગયા. તે મહા-વીતરાગી ગગનગામી, પરમ ઉદારચેષ્ટાના ધારક મુનિવર વંદનીય છે." આમ આચાર્યના મુખથી ચારણ મુનિઓની મહિમા સાંભળીને શ્રાવક શિરોમણિ અર્હદત્ત શેઠ ખેદખિન્ન થઈને ખૂબ પશ્ચાત્તાપ કરવા લાગ્યા.

"અરે ! મને ધિક્કાર છે....હું મુનિવરોને ઓળખી ન શક્યો. મારા આંગણામાં

છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,
તું આયુ તો હરતો નથી, તેં મરણ ક્યમ તેનું કર્યું ? ૨૪૮.

આવેલ મુનિ ભગવંતોનો મેં આદર-સત્કાર ન કર્યો.. હાય ! મારા જેવો અધમ કોણ હશે ? તે મુનિવર આહાર હેતુ મારા આંગણે પધાર્યા, પણ મેં તેમની નવધાભક્તિપૂર્વક આહારદાન ન આપ્યું....મારા જેવો પામર અજ્ઞાની બીજો કોણ હશે કે મારે આંગણે આવેલ સંતોને ઓળખી ન શક્યો. ચારણ મુનિવરોની રીત જ એવી છે કે ચાતુર્માસમાં નિવાસ એક સ્થાન પર કરે અને આહાર કોઈ બીજા નગરમાં જઈને લે. ચારણઋદ્ધિના પ્રભાવથી તેના શરીર દ્વારા જીવોને બાધા પહોંચતી નથી. અહા ! જ્યાં સુધી હું તે ચારણઋદ્ધિધારી મુનિ ભગવંતોના દર્શન કરીશ નહીં ત્યાં સુધી મારા મનનો સંતાપ નહીં મટે.''—આ પ્રમાણે પશ્ચાતાપૂર્વક અત્યંત ભક્તિપૂર્વક મનથી અર્હદત્ત સેઠ સાતેય મુનિવરોના દર્શનની કામના કરવા લાગ્યા.

કારતક સુદ પૂનમ નજીક આવતા જ સમ્યગ્દષ્ટિ અર્હદત્ત સેઠે સમસ્ત પરિવાર સહિત સપ્તર્ષિ મુનિવરોની વંદન-પૂજન માટે અયોધ્યાથી મથુરા તરફ પ્રયાણ કર્યું. જેમણે મુનિવરોની અપાર મહિમાને જાણી છે, રાજાના સમાન જેમનો વૈભવ છે—એવા અર્હદત્ત સેઠ વારંવાર પોતાની નિંદા અને મુનિવરોની પ્રશંસા કરતા થકા રથ, હાથી, ઘોડેસવાર અને પગપાળાની વિશાળ સેના સહિત યોગીશ્વરોની પૂજા માટે અયોધ્યાથી મથુરા તરફ પ્રયાણ કર્યું. મહાવિભૂતિ સહિત અને શુભધ્યાનમાં તત્પર અર્હદત્ત સેઠ કારતક સુદ સાતમના દિવસે મુનિવરના ચરણોમાં આવી પહોંચ્યા. તે ધર્માત્માએ વિધિપૂર્વક સપ્તર્ષિ મુનિવરોની વંદના અને પૂજા કરી તથા મથુરાનગરીને વિવિધ શોભાથી શણગારી. મથુરાનગરી સ્વર્ગ સમાન સુશોભિત થઈ ગઈ.

આ બધો વૃત્તાંત સાંભળીને શત્રુઘ્નકુમાર પણ તરત જ સપ્તર્ષિ મુનિવરોની સમીપ આવી પહોંચ્યા અને તેમની માતા સુપ્રભા પણ મુનિભક્તિથી પ્રેરિત થઈને તેમની સાથે આવી. શત્રુઘ્ને અત્યંત ભક્તિપૂર્વક મુનિવરો પાસે ધર્મનું શ્રવણ કર્યું.

મુનિવરોંએ કહ્યું —''આ સંસાર અસાર છે, એક વીતરાગતા જ સારભૂત છે. જિનદેવ દ્વારા પ્રરૂપિત વીતરાગ માર્ગ જ જગતના જીવોને શરણભૂત છે. માટે હે ભવ્યજીવો ! તમે જિનધર્મના અનુસાર તેમની આરાધના કરો.''


ઉપદેશ સાંભળીને શત્રુઘ્ન કુમાર વિનયથી કહેવા લાગ્યા કે—''હે દેવ ! આપના પાવન પદારવિંદથી આ મથુરાનગરીનો મહા ઉપસર્ગ મરી રોગ દૂર થયો, દુષ્કાળ ગયો અને સુકાળનું આગમન થયું, સર્વ જીવોને શાંતિ અને ધર્મવૃદ્ધિ થઈ, માટે હે પ્રભો ! કૃપા કરીને આપ થોડા સમય માટે અહીં બિરાજો.''

**છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,**
**તે આયુ તુજ હરતા નથી, તો મરણ ક્યમ તારું કર્યું ? ૨૪૯.**

ત્યારે શ્રી મુનિરાજે કહ્યું કે "હે શત્રુઘ્ન ! જિન-આજ્ઞા અનુસાર અધિક સમય સુધી એક સ્થાનમાં રહેવું યોગ્ય નથી, અમારે ચાતુર્માસનો કાળ પૂર્ણ થયો... મુનિ તો અપ્રતિબદ્ધ-વિહારી હોય છે. આ ચોથોકાળ ધર્મને પ્રગટાવવાનો કાળ છે, તેમાં અનેક જીવો મુનિધર્મ ધારણ કરે છે, જિન-આજ્ઞાનું પાલન કરે છે અને મહામુનિ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષ જાય છે.

વીસમા તીર્થંકર મુનિસુવ્રતનાથ તો મોક્ષ પધાર્યા, હવે આ ભરતક્ષેત્રમાં નમિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને વર્ધમાન આ ચાર તીર્થંકર થશે. હે ભવ્ય ! જિનશાસનના પ્રભાવથી મથુરા નગરીનો ઉપદ્રવ દૂર થઈ ગયો છે, હવે મથુરાના સમસ્ત નગરજનોએ ધર્મમાં તત્પર રહેવું, દયા પાળવી, સાધર્મી પ્રત્યે વાત્સલ્ય અને જિનશાસનની પ્રભાવના કરવી, ઘર-ઘરમાં જિનબિંબોની સ્થાપના, જિનપૂજન તથા અભિષેકની પ્રવૃત્તિ કરવી જોઈએ જેનાથી સર્વત્ર શાંતિ થશે. જે જિનધર્મની આરાધના નહિ કરે, તેના ઉપર આપદા આવશે; પરંતુ જે જિનધર્મની આરાધના કરશે તેની આપદા એવી રીતે ભાગશે જેમ ગરૂડને જોઈને સાપ ભાગે છે. માટે જિનધર્મની આરાધનામાં સર્વ પ્રકારથી તત્પર રહેજો...."

શત્રુઘ્ને કહ્યું—"પ્રભો ! આપની આજ્ઞાનુસાર સમસ્ત પ્રજા ધર્મારાધનમાં પ્રવૃત્ત થશે."



ત્યારબાદ મુનિવર તો આકાશમાર્ગે વિહાર કરી ગયા અને અનેક નિર્વાણભૂમિઓની વંદના કરીને અયોધ્યા નગરીમાં પધાર્યા, ત્યાં સીતાજીના ઘરે આહાર લીધો. સીતાજીએ મહા હર્ષપૂર્વક શ્રદ્ધાદિ ગુણો સહિત મુનિવરોને પ્રાસુક આહાર આપ્યો.

આ બાજુ શત્રુઘ્ને મથુરા નગરીની બહાર તથા અંદર અનેક જિનમંદિરોનું નિર્માણ કરાવ્યું, ઘર-ઘરમાં જિનબિંબોની સ્થાપના કરાવી અને જિનધર્મનો મહાન ઉત્સવ કર્યો. સમસ્ત નગરી ઉપદ્રવ રહિત થઈ ગઈ. વન-ઉપવન ફળ-ફૂલોથી શોભી ઉઠ્યા સરોવરમાં કમળ ખીલી ગયા અને ભવ્યજીવોના હૃદયકમળ પ્રફુલ્લિત થઈ ધર્મારાધનામાં તત્પર થયા. આ પ્રમાણે સપ્તર્ષિ મુનિભગવંતોના પ્રતાપે મથુરા નગરીનો ઉપદ્રવ દૂર થઈ ગયો અને મહાન ધર્મ પ્રભાવના થઈ.

જે માનતો—હું જિવાડું ને પર જીવ જિવાડે મુજને,<br>
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૦.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૬-૧૫ થી ૬-૩૫ : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ : | શ્રી સમયસાર ઉપર (૧૫મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : | શ્રી સમયસાર કલશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ : | શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### * જાતિસ્મરણજ્ઞાન વાર્ષિક દિન *

ચૈત્ર વદ-૮, તા. ૧૩-૪-૨૦૨૩, ગુરુવારના દિને પૂજ્ય બહેનશ્રી જાતિસ્મરણજ્ઞાનનો વાર્ષિક દિવસ છે. આ પ્રસંગ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

### * પૂજ્ય બહેનશ્રીની પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ *

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાંવત્સરિક ઉપકાર સ્મૃતિદિન, વૈશાખ સુદ ૧૪ તા. ૪-૫-૨૦૨૩ થી વૈશાખ વદ ૩, તા. ૮-૫-૨૦૨૩ સુધી—પાંચ દિવસ, સુવર્ણપુરીમાં શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાન પૂજા તથા સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશનરૂપ અનેક ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનાના ઉદાસીભર્યા વાતાવરણમાં વિવિધ જ્ઞાનોપાસનાપૂર્વક સાદગીથી મનાવવામાં આવશે.

### પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૩૪મી જન્મજયંતીની મંગલ પત્રિકા લેખનવિધિ સંપન્ન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૩૪મી જન્મજયંતી મહોત્સવની નિમંત્રણ પત્રિકા લેખનવિધિ તા. ૧૬-૩-૨૦૨૩, ગુરુવારના રોજ સાનંદ સંપન્ન થઈ હતી. સવારે વિધાન પૂજન બાદ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયું ત્યારબાદ સર્વે મુમુક્ષુ ભાઈ-બહેનો શ્રી પુષ્પાબેન મનસુખલાલ દોશી પરિવાર—દીપકભાઈ દોશીના નિવાસસ્થાને ગયા હતા. ત્યાં વધામણા સહ ભક્તિ કરવામાં આવી હતી. ત્યારબાદ ત્યાંથી વાજતે-ગાજતે મંગલ પત્રિકા મંડપમાં લાવવામાં આવી હતી. મહોત્સવ આયોજક દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ વતી શ્રી હિતેશભાઈ નરેન્દ્રભાઈ શાહ દ્વારા પત્રિકાનું ભાવભક્તિસહ વાંચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પત્રિકાની લેખનવિધિ મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં ભક્તિસહ સાનંદ સંપન્ન થઈ હતી.

તા. ૨૬-૩-૨૦૨૩ના રોજ દાદર મુકામે પત્રિકા લેખનવિધિ સાનંદ સંપન્ન થઈ હતી જેના સૌજન્યનો લાભ વિમળાબેન સારાભાઈ શાહ પરિવારને મળેલ હતો.

॥ શ્રી કહાનગુરુ દેવાય નમ: ॥ ॥ શ્રી સીમંધર દેવાય નમ: ॥ ॥ વંદે ભગવતી માતરમ્ ॥



# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ



## મહામંગલ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ

સોનગઢ, જિલ્લો ભાવનગર, ગુજરાત - 364250
: 91 5278 5278 | : contact@kanjiswami.org

•••● પ્રતિષ્ઠા મહોત્સવ - 19/01/2024 થી 25/01/2024 સુધી ●•••

તા. ૧૭-૦૨-૨૦૨૩

સાધર્મી ભાઈ / બહેન,

શુદ્ધાત્મ વંદન.

વીતરાગી સર્વજ્ઞ ભગવંતોની પાવન પરંપરામાં શ્રીમદ્ ભગવત્ કુંદકુંદ આચાર્ય આદિ સર્વ આચાર્યો દ્વારા વૃદ્ધિંગત જિનમાર્ગના રહસ્ય ઉદ્ઘાટક પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી અને ધર્મરત્ન ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના મંગલ આશિષ તળે તેઓની સાધનાભૂમિ સોનગઢ સુવર્ણપુરી મધ્યે નવનિર્મિત બાહુબલિ મુનીન્દ્ર ભગવાન તથા જંબુદ્વીપના શાશ્વત જિનબિંબોના પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ નું આયોજન જાન્યુઆરી 2024 માં નિર્ધારિત થયેલ છે. તે સાથે તા. 26/01/2024 ના રોજ શ્રી બાહુબલિ મુનીન્દ્ર ભગવાન નો મહામસ્તક અભિષેક નો કાર્યક્રમ છે.

આ ભગીરથ કાર્યનું આયોજન સોનગઢ સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ તથા પ્રતિષ્ઠા કમીટી ખૂબજ મહેનતથી કરી રહેલ છે.


પ્રતિષ્ઠા મહોત્સવની સફળતા માટે તથા સુયોગ્ય સંચાલન થાય તે હેતુથી વિવિધ કમીટીની રચના કરવામાં આવશે.

આ મહામંગળ પ્રતિષ્ઠા મહોત્સવમાં આપણા માટે તન-મન-ધન થી સર્વસ્વ સમર્પણનો સુવર્ણકાળ આવી પહોંચ્યો છે. જે ભાઈઓ તથા બહેનો તેમજ યુવા સાથીઓ સ્વયંસેવક તરીકે પોતાની કાર્યકુશળતા મુજબ જોડાવા ઈચ્છતા હોય તેઓએ આપેલ Google Form નો QR Code Scan કરીને પૂરતી વિગતો ભરી સબમિટ (Submit) કરી દેવું.

લી,

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ

મહામંગલ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ કમીટી



**શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ (મુંબઈ)દ્વારા**

## અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં આનંદોલ્લાસ સહ સંપન્ન

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૧મો

# ❀ સમ્યક્ત્વજયંતી મહોત્સવ ❀

આ સમ્યક્ત્વજયંતી મહોત્સવ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૧૩-૩-૨૦૨૩ થી ૧૭-૩-૨૦૨૩ સુધી ભક્તિભાવપૂર્વક ઊજવવામાં આવ્યો હતો.

*** ઉત્સવનો દૈનિક કાર્યક્રમ ***

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક, પૂજ્ય બહેનશ્રીની વિડિયો—ધર્મચર્ચા, પરમાગમમંદિરમાં શ્રી રત્નત્રય પૂજન વિધાન, વિવિધ બેનરોથી શોભિત મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી સમયસાર' ઉપર સીડી પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિશેષ ભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પદ્મનંદી પંચવિંશતિ ઉપર સીડી પ્રવચન, સમૂહ જિનેન્દ્રભક્તિ તથા સાંજી-ભક્તિ, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પ્રવચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમો તથા ધાર્મિક પ્રશ્નોત્તરી વગેરે ગતિવિધિઓપૂર્વક દૈનિક ક્રમ ચાલતો હતો. ઉત્સવના બધા જ કાર્યક્રમોમાં મુમુક્ષુઓએ ઘણા જ ઉત્સાહથી લાભ લીધો હતો.

*** પૂજ્ય બહેનશ્રીની વધાઈ ***

તા. ૧૭-૩-૨૦૨૩ને શુક્રવારના દિવસે મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન બાદ પ્રાસંગિક જાહેરાતો તથા ટ્રસ્ટીશ્રી દ્વારા પ્રતિષ્ઠા મહોત્સવ સંબંધી જાહેરાત કરવામાં આવી હતી ત્યારબાદ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ તેમની મંગલ વધાઈનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ વિશેષ કાર્યક્રમમાં બધા મુમુક્ષુ ભાઈઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ પ્રસંગે વઢવાણ ભજન મંડળીએ મધુર ભક્તિ-ગીતોથી વાયુમંડળને ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, (મુંબઈ) દ્વારા ભોજન વ્યવસ્થા તથા આવાસ વ્યવસ્થા સુંદર રીતે કરવામાં આવી હતી. દાદર મંડળનો ઉત્સાહ તથા આયોજન સરાહનીય હતું.

---

## બાળકો માટેના આપેલ પ્રશ્ન માર્ચ – ૨૦૨૩ના ઉત્તર

(૧) મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર
(૨) અજ્ઞાનથી
(૩) મિથ્યાત્વ
(૪) સમ્યક્ત્વ
(૫) ઉંધા
(૬) સ્વરૂપ
(૭) એકેન્દ્રિયપણામાં
(૮) મિથ્યાત્વાદિ
(૯) જ્ઞાન સ્વરૂપ જડ
(૧૦) જીવ જડ
(૧૧) અતીન્દ્રિય આનંદ
(૧૨) સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર
(૧૩) આત્મા વિપરીત
(૧૪) કુદેવ કુગુરુ કુધર્મ
(૧૫) મિથ્યાત્વ સમ્યક્ત્વ
(૧૬) સાત
(૧૭) શુદ્ધ જીવ
(૧૮) આસ્રવ બંધ સંવર નિર્જરા મોક્ષ
(૧૯) પર સ્વ
(૨૦) ઉપયોગ

# (૧૧૬)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

### (જીવના ભાવ સંબંધી પ્રશ્નોત્તર)

(૧) જીવના ખાસ પાંચ ભાવો છે—તે ક્યા ક્યા ?
૧................ ૨................. ૩................. ૪................ ૫................

(૨) ચોથા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન સુધીમાં હોય તે ક્યો ભાવ ? ..................

(૩) ચોથાથી અગિયારમાં ગુણસ્થાન સુધીમાં હોય તે ક્યો ભાવ ? ..........................

(૪) પહેલેથી ચૌદમા ગુણસ્થાન સુધીમાં હોય તે ક્યો ભાવ ?
૧. .......................... તેમજ ૨ ........................

(૫) પહેલેથી બારમાં ગુણસ્થાન સુધી હોય તે ક્યો ભાવ ? ..........................

(૬) સંસારી અને સિદ્ધ બધાયમાં હોય તે ક્યો ભાવ ? ..........................

(૭) સિદ્ધમાં ન હોય તે ક્યો ભાવ ? ૧............... ૨.................. ૩ ................

(૮) સંસારી જીવમાં ન હોય તે ક્યો ભાવ ?..................................................

(૯) બધાય સંસારી જીવોમાં હોય તે ક્યો ભાવ ? ..........................

(૧૦) સંસારમાં સૌથી ઝાઝા જીવોને હોય તે ક્યો ભાવ ? ..........................

(૧૧) સંસારમાં સૌથી ઓછા જીવોને હોય તે ક્યો ભાવ ? ૧. ............. ૨ ...............

(૧૨) બધાય છદ્મસ્થ જીવોને હોય તે ક્યો ભાવ ? ૧ .............. ૨ ...................

(૧૩) જ્ઞાનપર્યાયમાં લાગુ ન પડે તે ક્યો ભાવ ? ..........................

(૧૪) જીવને ધર્મની પહેલી શરૂઆત થાય ત્યારે ક્યા ક્યા ભાવો હોય ?
૧.............. ૨............... ૩................. ને ૪.....................

(૧૫) દેવગતિમાં ક્યા ક્યા ભાવો હોઈ શકે ? ..........................

(૧૬) મનુષ્યગતિમાં ક્યા ક્યા ભાવો હોઈ શકે ? ..........................

(૧૭) નરકગતિમાં ક્યા ક્યા ભાવો હોઈ શકે ? ..........................

(૧૮) તિર્યંચગતિમાં ક્યા ક્યા ભાવો હોઈ શકે ? ..........................

(૧૯) શ્રદ્ધાનો ક્ષાયકભાવ ક્યા ગુણસ્થાને હોય ? ૧ ............... ૨ ...................

(૨૦) જ્ઞાનનો ક્ષાયકભાવ ક્યા ગુણસ્થાને હોય ? ૧.................... ૨ ...............

(પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન માર્ચ – ૨૦૨૩ના ઉત્તર પાના નં. ૧૫ ઉપર)

## (૧૧૬)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની બીજી ઢાળમાંથી મળશે.)

(૧) જગતમાં ચેતન દ્રવ્ય .......... અને બાકીના પાંચ ................ દ્રવ્ય છે.

(૨) જગતમાં એક ............ દ્રવ્ય મૂર્ત અને બાકીના પાંચ .......... દ્રવ્ય છે.

(૩) આત્માને ................. વડે જાણી શકાય છે.

(૪) ............ અને ............... નું ભેદજ્ઞાન કરે તો વીતરાગ થવાય.

(૫) અરિહંતના ................ ને ઓળખે તો .............. છૂટે.

(૬) અજ્ઞાની જીવ ................ અને .............. માં અહંપણું કરી દુઃખી છે.

(૭) આત્મા સદા ............... વડે જીવે છે.

(૮) ઉપયોગ સ્વરૂપ ................. ને ઓળખે ત્યારે અરિહંત અને સિદ્ધની સાચી ઓળખાણ થાય.

(૯) ............ ને છોડીને .............. કરે તો સાચા સામાયિક પ્રતિક્રમણ થાય.

(૧૦) જગતમાં .............. ના ............. પદની વિભૂતિ ઉત્કૃષ્ટ છે.

(૧૧) ચૈતન્યમય .................. તે જીવનું નિજઘર છે.

(૧૨) ................ અને ............... તે જીવનું પરઘર છે.

(૧૩) ............ રૂપી મુગુટ અને ................રૂપી હાર વડે આત્મા શોભે છે.

(૧૪) ............ અને ........... નું ભેદજ્ઞાન કરે તે સાચો જૈન છે.

(૧૫) જડનો કર્તા ............. હોય ............... ન હોય.

(૧૬) જીવ અને શરીર વચ્ચે ................ અભાવ છે.

(૧૭) અવિનાશી .................. દ્રવ્યને ઓળખે તો મરણનો ભય ન રહે.

(૧૮) હું ................ છું, ................ હું નથી.

(૧૯) આત્મા પોતાના ................ ભાવથી જ જીવે છે.

(૨૦) દેહ અને ............. ને ............ લક્ષણથી ઓળખે તો જુદો દેખાય.

(બાળકો માટેના આપેલ પ્રશ્ન માર્ચ – ૨૦૨૩ના ઉત્તર પાના નં. ૩૨)

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● પ્રશ્ન :—સમ્યગ્દૃષ્ટિ મનુષ્યને અશુભરાગમાં આયુષ્ય બંધાય ?

ઉત્તર :—તેને અશુભરાગ આવે છે પણ અશુભરાગ કાળે આયુષ્ય બંધ ન થાય, કેમકે સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય વૈમાનિક દેવમાં જાય છે તેથી શુભરાગમાં જ આયુષ્ય બંધાય. ૫૬૦.

● પ્રશ્ન :—આત્મઅનુભવ થતાં પહેલાં છેલ્લો વિકલ્પ કેવો હોય ?

ઉત્તર :—છેલ્લા વિકલ્પનો કોઈ નિયમ નથી. રાગથી ભિન્નતાપૂર્વક શુદ્ધાત્માની સન્મુખતાનો પ્રયત્ન કરતા કરતા ચૈતન્યની પ્રાપ્તિ થાય છે. જ્યાં ત્રિકાળી જ્ઞાયક પ્રભુ તરફ પરિણતિ ઢળી રહી હોય, જ્ઞાયકધારાની ઉગ્રતા અને તીક્ષ્ણતા હોય ત્યાં છેલ્લો ક્યો વિકલ્પ હોય એનો કોઈ નિયમ નથી. પર્યાયને અંદર ઉંડાણમાં ધ્રુવ પાતાળમાં લઈ જાય ત્યાં ભગવાન આત્માની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શન થાય છે. ૫૬૧.

● પ્રશ્ન :—મોક્ષનું કારણ સમભાવ છે, એ સમભાવ કરીએ તો મોક્ષ થાય ને ?

ઉત્તર :—સમભાવ એટલે વીતરાગતા. એ વીતરાગતા દ્રવ્યને પકડે ત્યારે થાય. દ્રવ્યના આશ્રય વિના વીતરાગતા ન થાય. સમભાવનું કારણ વીતરાગી સ્વભાવી ભગવાન આત્મા છે. તેનો આશ્રય કરવો અને પરનો આશ્રય છોડવો. આ ટૂંકામાં ટૂંકું છે. ૫૬૨

● પ્રશ્ન :—ઉપશમ સમ્યક્ થઈને છૂટી જાય ને મિથ્યાત્વમાં આવી જાય તેને ખ્યાલમાં આવે કે મને સમ્યક્ થયું હતું ?

ઉત્તરઃ હા, સમ્યક્ છૂટી જાય પછી થોડો વખત ખ્યાલમાં રહે પછી લાંબો વખત થાય તો ભૂલી જાય. ૫૬૩.


● પ્રશ્ન :—સ્વદ્રવ્ય આદરણીય છે તેમ તેની ભાવનારૂપ નિર્મળ પર્યાય પણ આદરણીય કહેવાય ?

ઉત્તર :—હા, રાગ હેય છે તેમ તેની ભાવનારૂપ નિર્મળ પર્યાય આદરણીય કહેવાય અને દ્રવ્યની અપેક્ષાએ પર્યાય તે વ્યવહાર છે તે આશ્રય યોગ્ય ન હોવાથી હેય કહેવાય. ક્ષાયિક પર્યાય દ્રવ્યની અપેક્ષાએ હેય કહેવાય પણ રાગની અપેક્ષાએ ક્ષાયિકભાવને આદરણીય કહેવાય. ૫૬૪.

આત્મધર્મ
એપ્રિલ-૨૦૨૩
અંક-૮ ● વર્ષ-૧૭

Posted at Songadh PO
Publish on 1-4-2023
Posted on 1-4-2023

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org